dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 7 | Issue- 196 | AD - 2024, Chaitra sud - 12 | Saturday, Dt.20-04-2024 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


## ૨૧ રાજ્યોની ૧૦૨ બેઠકો પર શાંતિપૂર્ણ રીતે મતદાન સંપન્ન થયું

# લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કામાં એકંદરે ૬૨ ટકા મતદાન

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૧૯

૧૮મી લોકસભાની ચૂંટણી માટે આજે પ્રથમ તબક્કામાં ૧૬ રાજ્યો અને ૫ કેન્દ્રશાસિત પ્રદેશોની ૧૦૨ લોકસભા બેઠકો માટે મતદાન યોજાયું હતું. મતદાન શાંતિપૂર્ણ રીતે સંપન્ન થયું હતું. એકંદરે ૬૨ ટકા જેટલું મતદાન થયું હતું. કેટલાક સ્થળોએ ઈવીએમ મશીન બગડયા હોવાની ફરિયાદો ચૂંટણી પંચને મળી હતી જયારે પશ્ચિમ બંગાળ, ઉત્તરપ્રદેશમાંથી હિંસાના અહેવાલો મળ્યા છે. કેટલાક મતદાન કેન્દ્રો પર મતદાન શરૂ થયા તે પહેલા સવારથી જ મતદાન મથકો પર લાંબી કતારો જોવા મળી હતી. મતદાન સવારે ૭ વાગ્યાથી શરૂ થયું હતું અને સાંજે ૫ વાગ્યા સુધી ચાલ્યું હતું સાંજે પાંચ વાગ્યા બાદ જે મતદારો મતદાન કેન્દ્રોમાં હતાં તેમને મતદાન કરવાની છુટ આપવામાં આવી હતી. લોકસભાની સાથે જ અરુણાચલ પ્રદેશ અને સિક્કિમ વિધાનસભા માટે પણ આજે મતદાન થયું હતું. પ્રથમ તબક્કામાં ૧૦૨ બેઠકો માટે ૧,૬૨૫ ઉમેદવારોનું ભાવિ મતદારોએ નક્કી કર્યું છે. અરુણાચલ પ્રદેશના મુખ્ય પ્રધાન પેમા ખાંડુ અને કેન્દ્રીય પ્રધાન કિરેન રિજિજુએ શુક્રવારે પોતપોતાના મૂળ ગામોમાં મતદાન કર્યું. રાજ્યમાં લોકસભાની બે અને વિધાનસભાની ૫૦ બેઠકો માટે મતદાન થયું હતું. નાયબ મુખ્યમંત્રી ચૌના મીને પણ ચૌખામ વિધાનસભા ક્ષેત્રમાં તેમના ગામમાં પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. પશ્ચિમ બંગાળના કૂચ બિહારમાં મતદાન દરમિયાન પથ્થરમારાની ઘટના સામે આવી છે. ચાંદમારી વિસ્તારમાં પથ્થરમારો કરવામાં આવ્યો છે. આ પથ્થરમારામાં ભાજપનો એક કાર્યકર ઘાયલ થયો છે. આરએસએસ ચીફ મોહન ભાગવતે મહારાષ્ટ્રના નાગપુરમાં પોતાનો મત આપ્યો. પ્રથમ તબક્કામાં પોતાનો મત આપ્યા પછી, તેઓ શાહીવાળી



પોતાની આંગળી બતાવીને મતદાન મથકની બહાર આવ્યા હતાં. પ્રથમ તબક્કામાં તમિલનાડુની તમામ ૩૯ બેઠકો, રાજસ્થાનની ૨૫માંથી ૧૨ બેઠકો, યુપીની ૮૦માંથી ૮ બેઠકો અને મધ્યપ્રદેશની ૬ બેઠકો, મહારાષ્ટ્રની ૫, આસામની ૫, ઉત્તરાખંડની ૫, બિહારની ૪, પશ્ચિમ બંગાળની ૩, મેઘાલયની ૨, અરુણાચલ પ્રદેશની ૨ અને મણિપુરની ૨ બેઠકો પર મતદાન થયું હતું. આ સિવાય પુડુચેરી, મિઝોરમ, છત્તીસગઢ, જમ્મુ અને કાશ્મીર, લક્ષદ્વીપ, સિક્કિમ, ત્રિપુરા, નાગાલેન્ડ અને આંદામાન અને નિકોબારમાં ૧-૧ સીટ પર મતદાન થયું. પ્રથમ તબક્કામાં ૮ કેન્દ્રીય મંત્રી, ૨ પૂર્વ મુખ્યમંત્રી અને એક પૂર્વ રાજ્યપાલ ચૂંટણી મેદાનમાં પોતાનું નસીબ અજમાવી રહ્યા હતાં. આ તબક્કાના અગ્રણી ઉમેદવારોમાં કેન્દ્રીય મંત્રીઓ નીતિન ગડકરી, સર્બાનંદ સોનોવાલ અને ભૂપેન્દ્ર યાદવ, કોંગ્રેસના ગૌરવ ગોગોઈ અને ડીએમકેના કનિમોઝીનું ભાવિ મતદારોએ ઈવીએમ મશીનમાં સીલ કર્યું છે. મણિપુરના ઈમ્ફાલના ૫ થોંગજુ, ૩૧ ખોંગમેન વિસ્તારોમાં કેટલીક મહિલાઓએ મતદાન પ્રક્રિયામાં ગેરરીતિનો આક્ષેપ કર્યા બાદ અને હંગામો મચાવ્યો હતો તે પછી લોકસભા ચૂંટણી માટે મતદાન અટકાવવામાં આવ્યું હતું. જ્યારે અશાંતિની સ્થિતિ ઊભી થઈ, ત્યારે મતદાન અધિકારીએ સંબંધિત બૂથને બંધ કરવાનો આદેશ આપ્યો અને ઈમ્ફાલ પૂર્વના જિલ્લા કલેક્ટરને આ બાબતની જાણ કરી. અધિકારીઓના જણાવ્યા અનુસાર કેટલીક મહિલાઓના વિરોધને પગલે કુલ પાંચ બૂથ પર મતદાન અટકાવવામાં આવ્યું હતું. જેમાંથી પૂર્વ ઈમ્ફાલમાં બે અને પશ્ચિમ ઈમ્ફાલમાં ત્રણ બૂથ પર મતદાન અટકાવવામાં આવ્યું હતું. ચંદામારી વિસ્તારમાં ભાજપના બૂથ અધ્યક્ષ ઘાયલ થયા છે. આ પથ્થરમારો બૂથથી થોડા અંતરે જ થયો હતો. દિનહાટામાં ભાજપના કાર્યકર્તાઓના ઘરની બહાર દેશી બોમ્બ મળવાથી ગભરાટ ફેલાયો હતો. ચૂંટણી પંચ સુધી બંને પક્ષના નેતાઓએ ફરિયાદ કરી હતી. કૂચબિહારના સીતલકૂચીમાં ભાજપ અને ટીએમસી કાર્યકર્તાઓ વચ્ચે બબાલ થઈ હતી. બંને દળોના કાર્યકર્તાઓએ એકબીજા સાથે મારપીટ કરી હતી. વહેલી તકે મતદાન કરવાની ઈચ્છા સાથે મતદારો મતદાન મથકે પહોંચ્યા હતા. રાજસ્થાનના ચુરુ વિધાનસભાના રામપુરા રેણુ ગામમાં નકલી મતદાનને લઈને બે પક્ષો વચ્ચે ઝઘડો થયો હતો.

### હરિદ્વારમાં મત આપવા ગયેલા મતદારે ઈવીએમ તોડ્યું, બેલેટ પેપરથી ચૂંટણી કરાવો

હરિદ્વાર વિધાનસભાના મતદાન કેન્દ્ર જ્વાલાપુર ઇન્ટર કોલેજમાં એક મતદારે ઈવીએમ મશીનનો વિરોધ કરતા પોલિંગ બૂથ પર રાખેલ મશીનને નીચે પટક્યું હતું. મતદારો જોરશોરથી બુમો પાડતા EVM મશીનનો વિરોધ કરવા લાગ્યા હતા અને બેલેટ પેપરથી ચૂંટણી કરાવવાની માંગ કરવા લાગ્યા હતા. પોલીસે મશીન તોડનારા મતદારની અટકાયત કરી છે. જાણકારી અનુસાર, જ્વાલાપુર ક્ષેત્રના રહેનારા મતદારે મતદાન કેન્દ્ર જ્વાલાપુર ઇન્ટર કોલેજ સ્થિત બૂથ નંબર ૧૨૬ પર એક મતદાર મતદાન કરવા માટે પહોંચ્યો હતો જયા આ ઘટના બની હતી.

### લોકસભા ચૂંટણી : બંગાળમાં હિંસા, ચૂંટણી પંચને ૧૫૦ ફરિયાદો મળી

લોકસભા ચૂંટણીના પહેલા તબક્કામાં પશ્ચિમ બંગાળમાં ત્રણ લોકસભા વિસ્તારમાં મતદાન થયું. આ સીટો છે- કૂચબિહાર, અલીપુરદ્વાર અને જલપાઇગુડ્ડી. કૂચબિહારમાં હિંસાના અહેવાલ હતા. અહીં ટીએમસી અને ભાજપના કાર્યકર્તા વચ્ચે પથ્થરમારો થયો છે. આમાં ભાજપનો એક કાર્યકર્તા જખમી થયો છે. કૂચબિહાર હિંસાના કેટલાય વીડિયો પણ વાયરલ થયા છે. આરોપ છે કે ટીએમસીના કાર્યકર્તાઓએ મતદારોને બૂથ સુધી અટકાવવા માટે પથ્થરમારો કર્યો હતો.

### મણિપુરમાં મતદાનમાં હિંસા, મતદાન કેન્દ્ર પર ફાયરિંગ થયું

લોકસભા ચૂંટણી ૨૦૨૪ના પ્રથમ તબક્કાના મતદાન દરમિયાન મણિપુરમાં એક મતદાન કેન્દ્ર પર ફાયરિંગ થયું હતું જેમાં ૩ લોકો ઘાયલ થયા હતા. આ ઘટના બિષ્ણુપુર જિલ્લાના થમનપોકપી સેન્ટરમાં બની હતી. આજે રાજ્યની બે સીટો ઇનર મણિપુર અને આઉટર મણિપુર પર મતદાન થયું છે. જણાવી દઈએ કે બીજા તબક્કામાં આઉટર મણિપુરના હિંસા પ્રભાવિત વિસ્તારોના કેટલાક બૂથ પર ૨૬ એપ્રિલે પણ મતદાન થશે. અહીં હિંસાખોરોએ ઈવીએમ પણ તોડી દેવાની ઘટના સામે આવી હતી.

### કચ્છમાંથી વાસુકી નાગ સાથે સંબંધિત ૪.૭ કરોડ વર્ષ જૂના અવશેષો મળ્યા

(એ.આર.એલ),ભુજ,તા.૧૯

હિંદુ ધર્મમાં ભાગ્યે જ કોઈ એવું હશે જે સમુદ્ર મંથનની કથા વિશે જાણતું ન હોય. સમુદ્ર મંથન દરમિયાન અમૃત અને વિશ્વના તમામ રત્નો કાઢવામાં આવ્યા હતા. આ મહાન મંથનમાં મંદરાચલ પર્વતનો ઉપયોગ મંથન તરીકે અને વાસુકી નાગનો દોરડા તરીકે ઉપયોગ કરવામાં આવ્યો હતો. ભગવાન વિષ્ણુએ સ્વયં આ પર્વતને કાચબાના રૂપમાં પોતાની પીઠ પર રાખ્યો હતો જેથી તેનું મંથન કરવામાં સરળતા રહે. ખાસ વાત એ છે કે હવે વિજ્ઞાને પણ સમુદ્ર મંથન દરમિયાન વાસુકી નાગના અસ્તિત્વની પુષ્ટિ કરી છે. ગુજરાતના કચ્છમાંથી વાસુકી નાગ સાથે સંબંધિત ૪.૭ કરોડ વર્ષ જૂના અવશેષો મળી આવ્યા છે. ગુજરાતના કચ્છમાં આવેલી ખાણમાંથી સમુદ્ર મંથન કરનાર સર્પ વાસુકીના અવશેષો મળી આવ્યા છે. અહીં એક વિશાળ સાપની કરોડરજ્જુના અવશેષો મળી આવ્યા છે. પ્રાપ્ત માહિતી અનુસાર, સાપના હાડકાના આ અવશેષો ૪.૭ કરોડ વર્ષ જૂના છે. સાડાચાર કરોડ વર્ષ જૂના અવશેષોને વૈજ્ઞાનિકોએ ખાસ નામ પણ આપ્યા છે. તેણે તેને વાસુકી ઈન્ડીકસ કહ્યો છે. તેની પાછળના નિષ્ણાતોનું કહેવું છે કે આ પૃથ્વી પર રહેતા સૌથી મોટા સાપના હાડકાના અવશેષો હોઈ શકે છે. એટલું જ નહીં, તેમણે કહ્યું છે કે સમુદ્ર મંથનનો સમય અને આ અવશેષનો સમય પણ લગભગ નજીકમાં છે. જે સાબિત કરે છે કે આ અવશેષો વાસુકી નાગના હોવા જોઈએ. શોધકર્તાઓને ગુજરાતના કચ્છમાં આવેલી પાનન્ધ્રો લિગ્નાઈટ ખાણમાંથી માત્ર એક નહીં પરંતુ ૨૭ વાસુકી નાગોના અવશેષો મળ્યા છે.


NIT, IIT તેમજ MBBS નું પ્રવેશદ્વાર
આલ્ફા વિદ્યા સંકુલ- જુનાગઢ (વડાલ રોડ)
Since - 2009
Founded by Mahesh Munjapara
BOARD 1st
પરમાર વિશ્વજીતસિંહ 99.99 PR
SSC
Board 2nd GRADE A1
ફોરમ વીરડા 99.98 PR
HSC-Comm.
Sci. A1
લાખણોત્રા વૈશાલી વી. 99.70 PR
HSC-Sci.


ભાઈઓ માટે


બહેનો માટે

ફી માફી માટે પ્રવેશ પરીક્ષા
21 April, Sunday
28 April, Sunday
સવારે 10:00 કલાકે
Boys Unit
1st to 10th Guj / Eng Med.
Girls Unit
1st to 10th / 11th-12th
(Guj / Eng Med.) Sci / Comm. / Arts
રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરો. 70965 05050 / 73592 23344



શ્રી વિવેકાનંદ સ્કૂલ-બાબરા
ઉમિયાનગર, ચિતલ રોડ, બાબરા. જિ. અમરેલી
9586102525 / 94274 55593 / 94288 92183
નવા સત્ર ૨૦૨૪-૨૫ માટે શિક્ષકો જોઈએ છે.
◆ પ્રી-પ્રાયમરી
PRE. PTC, PTC, B.Com, B.A., B.Sc. (શિક્ષીકા બહેનો)
◆ ધો. ૧ થી ૫
PTC, B.A. B.Ed., B.Com., B.Ed., B.Sc., B.Ed.
◆ ધો. ૬ થી ૮
B.A. B.Ed., B.Sc., B.Ed., B.Com., B.Ed.
◆ ધો. ૯, ૧૦
B.Sc/ M.Sc., B.Ed., B.A./ M.A. B.Ed., B.Com. B.Ed.
◆ ધો. ૧૧, ૧૨ (કોમર્સ)
M.Com., B.Ed., M.A., B.Ed.
◆ ડ્રોઈંગ, કોમ્પ્યુટર તથા સ્પોર્ટસના શિક્ષકો
◆ Office clerk
કમ્પ્યુટરના જાણકાર
ઉપરોકત લાયકાત ધરાવતા શિક્ષકોએ સંપૂર્ણ વિગત સાથેની અરજી તેમજ પાસપોર્ટ સાઈઝ ફોટા સાથે શાળાએ રૂબરૂ સંપર્ક કરવો.



BHAGWATI ENERGY
પછી કે'તા નહી
અમે રહી ગયા...
PM સૂર્ય ઘર મફત વીજળી યોજના
સરકારની નવી યોજના મુજબ હવે સોલાર અપનાવવા પર મળશે.
વધુ સબસિડી!
₹78000 સુધી સબસીડી મળવા પાત્ર રહેશે.
SUNORA adani Solar RAYZON GOLDI SOLAR POLYCAB LARSEN & TOUBRO



8080801217 / 9909189182
12, Bhagwati Shopping Center, Ground floor, Bhavnagar Road, Babra. (365421), Dist-Amreli
G-214 The Palladium Mall, near dairy done yogi chowk, surat.



શ્રી હનુમાનજી પ્રાગટ્ય ઉત્સવ પ્રસંગે
ખાસ ડિસ્કાઉન્ટ ઓફર
શ્રીરામ ભક્ત હનુમાનજીના પ્રાગટ્ય ઉત્સવ પ્રસંગે આપના શહેર, વિસ્તાર કે નજીકના મંદિરોમાં આયોજીત ભોજન પ્રસાદ પ્રસંગ માટે શીતલ આઈસ્ક્રીમ અમરેલી દ્વારા નીચે દર્શાવેલ પ્રોડક્ટસ પર ખાસ ડિસ્કાઉન્ટ ઓફર જાહેર કરી છે, તો આ ઓફર નો લાભ અવશ્ય લેશો.
• 6 Ltr. છાશ • દહીં
• શિખંડ • કેરીનો રસ
• બાસુંદી • ફ્રુટ સલાડ
નોંધ : આ ઓફર માત્ર હનુમાનજીના જન્મોત્સવ પ્રસંગ માટે મર્યાદિત છે
Sheetal ICE CREAM
શીતલ પાર્લર - રેસ્ટોરેન્ટ
S.T. બસ સ્ટેન્ડ પાસે, અમરેલી. મો. 95109 59954

સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
૦૨
શનિવાર, તા. ૨૦-૦૪-૨૦૨૪

# ભરતભાઈ સુતરીયાનો રાજુલા પંથકમાં ઝંઝાવાતી પ્રવાસ



અમરેલી, તા.૧૯

અમરેલી લોકસભાના ભાજપ ઉમેદવાર ભરતભાઈ સુતરીયાએ રાજુલા પંથકના ગામડાઓ ખુંદી રહ્યાં છે જયાં મતદારો દ્વારા ભરતભાઈ સુતરીયાનું સ્વાગત કરવામાં આવ્યું હતું. રાજુલા વિધાનસભા સીટનાં ૯ ગામડાઓમાં પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. ધીમે ધીમે મતદાનના દિવસો નજીક આવી રહ્યા છે, સભાઓનો દોર વધુ વેગવંતો બનાવામાં આવી રહ્યો છે. અમરેલી લોકસભા સીટનાં ઉમેદવાર ભરતભાઈ સુતરીયાએ રાજુલા અને જાફરાબાદ વિધાનસભા સીટનાં મોટા આગરીયા, વાવડી, કોટડી, કાતર, મોટા બારમણ, ચૌત્રા, નાગેશ્રી, હેમાળ, ટીંબી સહિતના ગામડાઓમાં પ્રવાસ યોજ્યો હતો. જેમાં ગામડાઓના લોકો અને આગેવાનોએ પણ ભરતભાઈ સુતરીયા પર વિશ્વાસ મૂકીને કહ્યુ હતું કે દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ નાના માણસો માટે અનેક યોજનાઓ અમલમાં મૂકી છે જે યોજનાઓ છેવાડાનાં માનવી સુધી પહોંચી છે. ભરતભાઈ સુતરીયાએ પણ સભા સંબોધતા જણાવ્યું હતુ કે તમે જે મારા પર વિશ્વાસ મૂક્યો છે તે એળે નહિ જવા દઉં જયારે પણ જરૂર પડશે તે સમયે તમારી સાથે હું ઊભો રહીશ તેવી લોકોને ખાતરી આપી હતી. રાજુલાના ધારાસભ્ય હીરાભાઈ સોલંકીએ પણ લોકોને વિશ્વાસ આપ્યો હતો કે તમારે જ્યારે પણ જરૂર પડશે ત્યારે હું અને ભરતભાઈ સુતરીયા તમારી સાથે ઉભા રહીશું.

## આગેવાનો અને ભાજપના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા

# વડિયાના રાંદલના દડવા ગામે મોદી પરિવાર સભા યોજાઈ






અમરેલી,તા.૧૯

વડિયા તાલુકાના રાંદલના દડવા ગામે ભાજપ દ્વારા લોકસભા ચૂંટણી અંતર્ગત મોદી પરિવાર સભા યોજાઈ હતી. આ તકે ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાએ જણાવ્યું હતું કે અગાઉ કોંગ્રેસની સરકાર અયોધ્યા રામ મંદિરની ખાલી વાતો જ કરતી હતી ત્યારે આપણા વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમિત શાહે રામ મંદિર બનાવી બતાવ્યું અને આજે કરોડો લોકો દર્શનનો લાભ લઈ રહ્યા છે. તેમજ અનેક પ્રકારની યોજના ભાજપ સરકાર દ્વારા લોકોને આપવામાં આવી છે. વડિયાના રાંદલના દડવામાં આવેલી પટેલ વાડીમાં ભાજપ દ્વારા મોદી પરિવાર સભાનું આયોજન કરવામાં આવ્યુ હતું. આ સભામાં તાલુકા ભાજપ પ્રમુખ ગોપાલભાઈ અંટાળા દ્વારા શાબ્દિક સ્વાગત કર્યા બાદ ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક અને અમરેલીના ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયા દ્વારા લોકસભા ચૂંટણી માટે કાર્યકર્તાઓને આળસ ખંખેરી દેશહિતમાં મહેનત કરવા હાકલ કરાઈ હતી. કૌશિકભાઈ વેકરીયાએ કહ્યું કે ભર ઉનાળે તળાવમાં પાણી આપે એ ભાજપ સરકાર તેમજ કેન્દ્ર સરકારની વર્તમાન યોજનાઓ અને ભાવિ યોજનાઓ વિશે માહિતી આપી દેશમાં ફરી ભાજપને ભારે લીડ સાથે બહુમતીથી ચૂંટી કાઢવા અપીલ કરવામાં આવી હતી. આ સભામાં નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા, તાલુકા ભાજપ પ્રમુખ ગોપાલભાઈ અંટાળા, તાલુકા ભાજપ મહામંત્રી શૈલેષભાઈ ઠુમ્મર, રાંદલના દડવા ગામના સરપંચ મનસુખભાઈ બરવાળીયા, તાલુકા પંચાયત પ્રમુખ પરશોતમભાઈ હિરપરા, જિલ્લા પંચાયત સદસ્ય વિપુલભાઈ રાંક, જીલ્લા પંચાયત સદસ્ય જલ્પેશભાઈ મોવલીયા, પી.વી. વસાણી, રમેશભાઈ સાકરીયા, તાલુકા પંચાયત કારોબારી ચેરમેન તુષારભાઈ ગણાત્રા સહિત મોટી સંખ્યામાં આગેવાનો અને ભાજપના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# બગસરાના શાપર ખાતે વ્રજભૂમિ વિદ્યાલયમાં વાર્ષિકોત્સવ યોજાયો





અમરેલી, તા.૧૯

બગસરાના શાપર ખાતે આવેલા વ્રજભૂમિ વિદ્યાલયમાં શાળાનો વાર્ષિકોત્સવ રાજકીય, સામાજીક આગેવાનો, સંતો મહંતો અને વાલીઓ તેમજ વિદ્યાર્થીઓની બહોળી ઉપસ્થિતિમાં ઉજવવામાં આવ્યો હતો. શાળાના આચાર્ય જયેશભાઈ દેસાઈએ મહેમાનોનું શાબ્દિક સ્વાગત કર્યુ હતું. આ તકે શાળાના વિદ્યાર્થીઓએ વિવિધ કૃતિઓ રજૂ કરી હતી અને પધારેલા સૌને મંત્રમુગ્ધ કર્યા હતા. ધો. ૧ થી ૮ માં પ્રથમ તેમજ દ્વિતીય અને તૃતીય સ્થાન મેળવેલ બાળકોને સન્માનિત કરવામાં આવ્યા હતા. આ તકે પૂ. ચંદ્રપ્રકાશદાસજી સ્વામીએ બાળકોને પ્રોત્સાહિત કરી આશીર્વચન પાઠવ્યા હતા અને શાળા અને દેશનું નામ રોશન કરવા આગળ આવવા જણાવ્યુ હતું. આ પ્રસંગે સુરેશભાઈ દેસાઈ, પ્રદીપભાઈ ભાખર, કાંતિભાઈ વેકરીયા સહિતના રાજકીય અને સામાજિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# લીલીયા મોટા પીજીવીસીએલ દ્વારા ક્રાંકચ ગામે સેમિનાર યોજાયો

અમરેલી,તા.૧૯

લીલીયા તાલુકા P.G.V.C.L ઓફિસ લીલીયા દ્વારા ક્રાંકચ ગામે નાયબ ઈજનેર એન.એમ. ભવાણી તથા જુનિયર ઈજનેર એન.ડી. રાઠોડ અને કર્મચારીઓની હાજરીમાં સિંહ તેમજ અન્ય વન્ય પશુઓને કોઈ વીજ અકસ્માત ન થાય તે માટે માર્ગદર્શન આપવા માટે એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યુ હતું.

આ સેમિનારમાં બહોળી સંખ્યામાં ગ્રામજનો હાજર રહ્યા હતા અને વીજ સલામતી અંગે માર્ગદર્શન મેળવ્યું હતું.



# સ્વામિનારાયણ મંદિર જૂનાગઢમાં રાજેશ માંગરોળીયાની ટ્રસ્ટી તરીકે ફરી નિમણૂંક

અમરેલી,તા.૧૯

જૂનાગઢ રાધારમણ દેવ ટેમ્પલ બોર્ડમાં ટ્રસ્ટી મંડળની ચૂંટણી યોજવામાં આવી હતી. જેમાં તમામ ટ્રસ્ટીઓ બિનહરીફ થયા હતા. ત્યારબાદ અમરેલીના યુવા આગેવાન અને ભાજપના મહામંત્રી રાજેશ માંગરોળીયાની આચાર્ય રાકેશ પ્રસાદના પ્રતિનિધિ તરીકે ફરી એકવાર ટ્રસ્ટી તરીકે



નિમણૂંક કરવામાં આવી છે. આ વરણીને સામાજિક સંસ્થાઓ દ્વારા આવકારી અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

# અમરેલીમાં લાઠી રોડ પર રામનવમીના દિવસે હનુમાન ચાલીસાના પાઠનું આયોજન

અમરેલી,તા.૧૯

અમરેલીમાં લાઠી રોડ પર પાંડવ ચોકમાં રામનવમીના દિવસે હનુમાન ચાલીસાના પાઠનું આયોજન કરવામાં આવ્યું હતું. મળતી માહિતી મુજબ શહેરના લાઠી રોડ પર આવેલ પ્રમુખસ્વામી નગર ખાતે પાંડવ ચોકમાં શ્રીરામ યુવક મંડળ દ્વારા રામનવમીના દિવસે હનુમાન



ચાલીસાનાં પાઠ તેમજ રામ ધૂનનું આયોજન કરવામાં આવ્યું હતું. રામનવમીના આ ખાસ કાર્યક્રમમાં સોસાયટીનાં ભાવિક ભક્તો બહોળી સંખ્યામાં હાજર રહ્યાં હતાં.

## ભારતીય જનતા પાર્ટીની લીગલ ટીમ દ્વારા

# જેની ઠુંમર સામે આચારસંહિતા ભંગ બદલ ચૂંટણી પંચમાં ફરિયાદ

અમરેલી,તા.૧૯

અમરેલી લોકસભાના કોંગ્રેસના ઉમેદવાર જેનીબેન ઠુંમર સામે ભારતીય જનતા પાર્ટીની લીગલ ટીમ દ્વારા ચૂંટણી પંચમાં ફરિયાદ કરવામાં આવી છે કે, તારીખ ૧૬ના જાહેર ભાષણ દરમ્યાન ભારત માતાની વેશભૂષા ધારણ કરી છોકરીઓને તિરંગા ધ્વજ સાથે બન્ને બાજુ ઉભા રાખી કાર્યક્રમમાં આદર્શ આચારસંહિતાના નિયમોનો ભંગ કરવામાં આવ્યો છે. ફરિયાદ બાદ ચૂંટણી પંચ દ્વારા કોંગ્રેસના ઉમેદવારનો ખુલાસો પૂછવામાં આવ્યો છે. અમરેલી લોકસભા બેઠક ઉપર કોંગ્રેસના ઉમેદવાર જેનીબેન ઠુંમરનો સંપર્ક કરતા કહ્યું હતુ કે, મેં આજે જ ખુલાસો કરી જવાબ રજૂ કરી દીધો છે. આ હાર ભાળી ગયેલી ભરતીય જનતા પાર્ટી દ્વારા ફરિયાદ કરી દબાવવાનો પ્રયાસ કરાયો છે. વિકાસની વાતો કરતી પાર્ટીએ અમરેલીની દીકરીને દબાવવાનો પ્રયાસ કર્યો છે. ભાજપ થાય તે કરી લે આપણે ડરતા નથી. આમ, લોકસભાના કોંગ્રેસ ઉમેદવાર જેનીબેન ઠુંમર સામે આચારસંહિતા ભંગની ફરિયાદ નોંધાતા જિલ્લાના રાજકારણમાં ગરમાવો ફેલાયો છે.

# અમરેલી-બાબરાના વકીલો કોર્ટ કાર્યવાહીથી અલિપ્ત રહ્યા

## ધારી પોલીસના વર્તનથી વકીલોમાં ભારે રોષ ફેલાયો

અમરેલી,તા.૧૯

થોડા દિવસ પહેલા ધારી પોલીસ સ્ટેશનમાં પોલીસ અધિકારીએ વકીલ સાથે ઉધ્ધતાઈભર્યુ વર્તન કરતા વકીલોમાં ભારે રોષની લાગણી પ્રસરી જવા પામી છે. અમરેલી વકીલ મંડળના સભ્ય સૂર્યકાંતભાઈ વીસાણી તેમજ તેમના પરિવાર સાથે ધારી પોલીસ સ્ટેશનના પીઆઈ દેસાઈ તેમજ સ્ટાફ દ્વારા કાયદા વિરૂધ્ધ જઈને મારકૂટ કરી ગેરવર્તણૂક કરી વકીલની ગરિમાને હાનિ પહોંચે તેવુ વર્તન કરી ખુબ શરમજનક વ્યવહાર કરવામાં આવેલ હતો. આ ઘટનાના ઘેરા પ્રત્યાઘાત પડયા છે અને આ બનાવને અમરેલી વકીલ મંડળ દ્વારા સખત શબ્દોમાં વખોડી કાઢી પોલીસના કૃત્યના વિરોધમાં તમામ તાલુકાના વકીલ મંડળો દ્વારા પ્રદર્શન અને વિરોધ કરી કામગીરીથી અલિપ્ત રહેવાનું ઠરાવવામાં આવ્યું છે. બાબરા વકીલ મંડળ દ્વારા પણ આ બાબતે એક અગત્યની બેઠક બોલાવવામાં આવી હતી. બાબરા વકીલ મંડળની બેઠકમાં પણ નક્કી કરવામાં આવ્યું હતું કે, જે રીતે સૂર્યકાંતભાઈ વિસાણી સામે પોલીસ દ્વારા અયોગ્ય વર્તન કરવામાં આવ્યું છે તેને સખ્ત શબ્દોમાં વખોડી કાઢીએ છીએ.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)
વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




નવનીત ઓટો સેન્ટર
ગોપી સિનેમા પાસે, સ્ટેશન રોડ,
અમરેલી ફો.૭૫૭૪૮૨૭૩૦૦

મુકેશ સંધાણી 94281 45595
New Number 97230 67130
હર્ષદ સંધાણી 98242 33314
હાઈડ્રોલીક લીફ્ટ નંગ - ૨ વેચવાની છે સંપર્ક કરો
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ- બેલેન્સીંગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેકટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીંગ • ઈન્શયુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?
વ્યાજબી ભાવ
શ્રેષ્ઠ ગ્રાહક સેવા
ગુણવતાયુકત કામ
પ્રોફેશનલ અને સ્કીલ્ડ ટીમ
મુકેશ મોટર ગેરેજ
Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

**જિલ્લા વિકાસ અધિકારીના અધ્યક્ષસ્થાને**

# જિલ્લાના વિવિધ તાલુકાઓમાં મતદાન જાગૃતિ કાર્યક્રમ યોજાયો



અમરેલી,તા.૧૯

જિલ્લા વિકાસ અધિકારીના અધ્યક્ષસ્થાને અમરેલી જિલ્લા પંચાયત ખાતે મતદાતાઓને મતદાન માટે જાગૃત કરવાની સમજ આપવા કાર્યક્રમ યોજાયો હતો. અમરેલી જિલ્લાના હોટેલ માલિકો તેમજ રિક્ષાચાલક સહિતના જોડાયા હતા. નાગરિકોને મતદાન માટે જાગૃત કરવા સહયોગ આપવા અને મતદાન જાગૃતિ માટેની પ્રવૃત્તિમાં સહયોગ આપવા અનુરોધ કરવામાં આવ્યો હતો. જિલ્લા વિકાસ અધિકારીના અધ્યક્ષસ્થાને ધારી તાલુકાના ગોવિંદપુર ગામે ચુનાવ પાઠશાળા કાર્યક્રમ યોજાયો હતો. નાગરિકોને મતદાનનું મહત્વ સમજાવી વધુમાં વધુ મતદાન થાય તે માટે સહભાગી થવા અનુરોધ કર્યો હતો. રાજુલા તાલુકાના ભાક્ષી ગામે મતદાતા જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં ઉપસ્થિત નાગરિકોને મતદાનનું મહત્વ સમજાવી અચૂક મતદાન કરવા અનુરોધ કરવામાં આવ્યો હતો. ખાંભા તાલુકા પંચાયત પરિવાર દ્વારા ચુનાવ પાઠશાળા કાર્યક્રમ યોજાયો હતો.

દરેક ગામમાં નાગરિકોને ઉત્સાહપૂર્વક મતદાન કરવા અનુરોધ કરવામાં આવ્યો હતો. મતદાનનું મૂલ્ય સમજાવી મહિલાઓને અચૂક મતદાન કરવા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ દરમિયાન સિગ્નેચર કેમ્પેઈન પણ યોજાયું હતું, જેમાં ચૂંટણી ફરજ પરના અધિકારી-કર્મચારીઓ અને નાગરિકો જોડાયા હતા.

**માત્ર રાજકીય પક્ષોના કાર્યકરોનો જમાવડો, લોકો નેતાઓથી દૂર**

# અમરેલી લોકસભાની બેઠક માટે ૧૧ ઉમેદવારો મેદાનમાં, મતદારો નિરસ

### મતદારોની નિરસતા જોઈ ઉમેદવારો પણ મુંઝાયા

અમરેલી,તા.૧૯

અમરેલી લોકસભાની બેઠક માટે ફોર્મ ભરવાના છેલ્લા દિવસે લોકસભાની બેઠક માટેનું ચિત્ર સ્પષ્ટ થઈ ગયુ છે. લોકસભાની બેઠક માટે જેનીબેન ઠુમ્મર, વિરજીભાઈ ઠુમ્મર(કોંગ્રેસ), ભરતભાઈ સુતરીયા, હિરેનભાઈ હિરપરા(ભાજપ), જેરામભાઈ પરમાર(સત્યવાદી રક્ષક પાર્ટી), રવજીભાઈ ચૌહાણ(બહુજન સમાજ પાર્ટી), વિક્રમભાઈ સાંખટ(ગ્લોબલ રિપબ્લિકન પાર્ટી), પ્રિતેશ ચૌહાણ(અપક્ષ), બાવકુભાઈ વાળા (અપક્ષ), ભાવેશભાઈ રાંક(અપક્ષ), પુંજાભાઈ દાફડા(બહુજન મુક્તિ પાર્ટી) એમ કુલ ૧૧ ઉમેદવારોએ લોકસભાની બેઠક માટે ઉમેદવારી ફોર્મ ભર્યા છે. ચૂંટણી ફોર્મ ભરવાનો છેલ્લો દિવસ હોય પરંતુ રાજકીય આગેવાનોની સાથે મતદારો પણ નિરસ દેખાઈ રહ્યાં છે. કોંગ્રેસ અને ભાજપના લોકસભાના ઉમેદવારો અમરેલી લોકસભાના વિસ્તારનો પ્રવાસ કરી રહ્યાં છે પરંતુ મોટાભાગે બંને પક્ષોના કાર્યકરો જ દેખાઈ રહ્યાં છે. આના પરથી સ્પષ્ટ થાય છે કે આ વખતની લોકસભાની ચૂંટણીમાં મતદારોમાં કોઈ ઉત્સાહનો માહોલ જોવા મળતો નથી. ભાજપ અને કોંગ્રેસ પોતાના પક્ષને વિજયી બનાવવા માટે મતદારોને વિનવણી કરી રહ્યાં છે પરંતુ મતદારો કોઈ રાજકીય પક્ષોને મચક આપતા નથી. મતદાનને હવે માત્ર ૧૭ દિવસ બાકી રહ્યાં છે ત્યારે મતદારોની નિષ્ક્રિયતા જોઈ ઉમેદવારો પણ મુંઝાયા છે. હજુ સુધી અમરેલી લોકસભા માટે કોઈ રાજકીય નેતાની સભા જાહેર કરવામાં આવી નથી ત્યારે આ વખતની ચૂંટણીમાં નિરસ માહોલ જોવા મળ્યો છે. અત્રે નોંધનીય છે કે, વહીવટી તંત્ર વધુમાં વધુ મતદાન થાય તે માટેના ભરપૂર પ્રયાસો કરી રહ્યુ છે પરંતુ મતદારોનો મિજાજ આ વખતની ચૂંટણીમાં કંઈ અલગ જ જોવા મળી રહ્યો છે.

**લોકોએ વીજ કંપનીના કર્મચારીઓનો આભાર માન્યો**

# બગસરાનાં નટવર નગર વિસ્તારમાં લો વોલ્ટેજના પ્રશ્નનું નિરાકરણ લાવતું વીજ તંત્ર

બગસરા,તા.૧૯

બગસરાના નટવર નગર વિસ્તારના લોકો ભર ઉનાળે વીજળીના કારણે ભારે હાલાકી ભોગવી રહ્યા હતા, જેને લઈ વીજ તંત્ર દ્વારા તાત્કાલીક નિરાકરણ લાવતાં લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો. મળતી વિગતો મુજબ, વિસ્તારમાં લો વોલ્ટેજની



તસવીર : હાર્દિક બામટા

ફરિયાદ હતી જેને લઈને લોકોએ વીજ કંપનીના અધિકારી મહીડાને ફરિયાદ કરતાં તેમણે પ્રશ્નનું તાત્કાલીક નિરાકરણ કર્યું હતું. ખુદ વીજ કંપનીનો કાફલો લઈને આ વિસ્તારમાં પહોંચી ગયા હતા અને ધોમધખતા તાપમાં કર્મચારીઓ પોલ પર ચડીને આ પ્રશ્નનું નિરાકરણ લાવ્યા હતા. આવી ઝડપી કામગીરી જોઈને લોકોએ પણ વીજ કંપનીના કર્મચારીઓનો આભાર માન્યો હતો.

# સાવરકુંડલાની સિગ્મા સ્કૂલ ઓફ સાયન્સનાં પ્રાથમિક વિભાગ દ્વારા ચિત્ર સ્પર્ધા યોજાઈ



સાવકુંડલા,તા.૧૯

સાવરકુંડલાની સિગ્મા સ્કૂલ ઓફ સાયન્સના પ્રાથમિક વિભાગ દ્વારા વિદ્યાર્થીઓની સર્જનાત્મક શક્તિઓને ખીલવવા માટે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહથી ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં માર્ગદશક તરીકે પીનલ સુહાગિયા અને જેમિષાબેન સોલંકીએ મહત્વની ભૂમિકા ભજવી હતી.

# ભારતીય શ્રમયોગી સંઘ લીલીયા તાલુકાના લીગલ એડવાઈઝર તરીકે સંજય બગડાની વરણી



અમરેલી,તા.૧૯

લીલીયા શહેરના બાહોશ અને નીડર એડવોકેટ અને સમાજ સેવક એવા શ્રવણ (સંજય) એલ. બગડાની ભારતીય શ્રમયોગી સંઘ ગુજરાત રાજયના લીલીયા તાલુકા સંઘના લીગલ એડવાઈઝર તરીકે પસંદગી કરવામાં આવી છે. તેઓ લીલીયા ચેમ્બર ઓફ કોમર્સના લીગલ એડવાઈઝર તરીકે કાર્યરત છે. તેમજ થોડા દિવસ પૂર્વે લીલીયા ગ્રામપંચાયતના લીગલ એડવાઈઝર તરીકે પણ નિમણૂક કરવામાં આવી છે. ત્યારે વધારે એક જવાબદારી તેમને સોંપવામાં આવી છે. આ પસંદગી થતા તેમને સ્નેહીઓ અને પરિવાર તેમજ શુભચિંતકો દ્વારા અભિનંદન પાઠવવામાં આવી રહ્યા છે.

# સાવરકુંડલાની કલ્યાણપુરા પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓને ચપ્પલનું વિતરણ કરવામાં આવ્યું

### પ્રાથમિક શાળાના સમગ્ર સ્ટાફે હાર્દિકભાઈનો આભાર વ્યકત કર્યો



તસવીર : સૌરભ દોશી

સાવરકુંડલા, તા.૧૯

સાવરકુંડલાના રાંદલ સ્ટીલવાળા વેપારી હાર્દીકભાઈ દિનેશભાઈ પરમાર દ્વારા સેવાકીય પ્રવૃત્તિના ભાગરૂપે ધો. એકથી પાંચમાં અભ્યાસ કરતા બાળકો માટે ચપ્પલનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્ય બદલ કલ્યાણપુરા પ્રાથમિક શાળાના સમગ્ર સ્ટાફે હાર્દિકભાઈનો આભાર વ્યકત કર્યો હતો.

# અવસાન નોંધ

**અમરેલી**

સ્વ. મમતાબેન જયસુખભાઈ પોપટ(ઉ.વ.૭૦) તા.૧૮/૪/૨૦૨૪ના રોજ કૈલાસવાસી થયેલ છે. તે ડો. દિવ્યેશ પોપટ, પરાગભાઈ પોપટ, જીજ્ઞાબેન અમિતકુમારના માતૃશ્રી તેમજ પ્રવિણભાઈ(દાસાભાઈ), દિનેશભાઈ પોપટ(પૂર્વ જિલ્લા ભાજપ પ્રમુખ), બિપીનભાઈ, સુરેશભાઈ, શૈલેષભાઈના ભાભી થાયછે. તેમની સદગતની પ્રાર્થનાસભા/ઉઠમણુ તા. ૨૦/૦૪/૨૦૨૪ના રોજ સાંજે ૫ થી ૬ સુધી તેમના નિવાસ સ્થાન ગુરૂકૃપા નગર, ''રામ ધામ'', ગાયત્રી મંદિર રોડ, અમરેલી ખાતે રાખેલ છે.

**સાવરકુંડલા**

સ્વ. પ્રભાબેન ઉમીયાશંકર ત્રિવેદી (ઉ.વ.૮૫) તા. ૧૭/૪/૨૦૨૪ને બુધવારના રોજ કૈલાસવાસી થયેલ છે. તે સ્વ.ઉમીયાશંકર કરશનજીભાઈ ત્રિવેદીના ધર્મપત્ની, યશવંતરાય યુ. ત્રિવેદી, સ્વ. કિર્તીનભાઈ, ભાસ્કરભાઈ, પંકજભાઈ તથા નિર્મળાબેનના માતૃશ્રી, સ્વ. અંબાશંકર કરશનજી ત્રિવેદી તથા સ્વ. દેવશંકર કરશનજી ત્રિવેદી(ભાવનગર)ના નાના ભાઈના ધર્મપત્ની, સ્વ.રમણીકલાલના સાસુ થાય છે. તેમનું બેસણુ તા. ૨૨/૦૪/૨૦૨૪ને સોમવારના રોજ ૪:૦૦ થી ૬:૦૦ મોઢ બ્રાહ્મણ વાડી, ગુરુકુળ રોડ સાવરકુંડલા મુકામે રાખેલ છે.

**સાવરકુંડલા**

સ્વ. કમલેશકુમાર ઈશ્વરલાલ ભટ્ટ(કાકુભાઈ)તા.૧૬/૪/૨૦૨૪ના રોજ કૈલાસવાસી થયેલ છે. તેમની સાદડી તા.૧૯/૪/૨૦૨૪નો શુક્રવારે સાંજે ૫ થી ૬:૩૦ સામુદ્રિ માતાજીનાં મંદિર, સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**મોટા આંકડિયા**

સ્વ. મુકુન્દરાય હરજીવન મહેતા(ઉ.વ.૮૫) તા.૧૮/૪/૨૦૨૪ને રાત્રે ૧૨:૨૫ કલાકે કૈલાસવાસી થયેલ છે. તે ગીતાબેનના પતિ, મુક્તાબેન મહેતા (અમરેલી, હાલ રાજકોટ)ના મોટા ભાઈ, ચારુબેન મહાશંકર પાઠક(ભાવનગર), વાસુદેવ (લોકભારતી સણોસરા), જયરામ (એડિટર-દિવ્ય ભાસ્કર) અને નેહા પ્રશાંત દવે(રાજકોટ)ના પિતાજી, ધર્મિષ્ઠાબેન અને પૂર્વિબેનના સસરા, ડો. પૂજિતાબેન, મહેક, તિરુપ, કલ્પેશ, જગત અને જિયાના દાદા થાય. તેમનું બેસણુ તા.૨૦/૪/૨૦૨૪ના રોજ સાંજે ૫ થી ૬:૩૦ દરમિયાન રૈયા રોડ પર બાપા સીતારામ ચોક પાસે, એચ.પી.ના પેટ્રોલ પંપની સામે, શ્રીજી પાર્ક મેઈન રોડ પર ઓમકારેશ્વર મહાદેવ મંદિર ખાતે રાખેલ છે.


KAKA® PVC PROFILE
શ્રેષ્ઠ ક્યારેય સસ્તુ ન હોય, સસ્તુ ક્યારેય શ્રેષ્ઠ ન હોય.
નિર્મળ સાવલીયા ૯૮૭૯૬ ૬૭૭૭૧
સંજય સાવલીયા ૯૯૭૯૯ ૪૨૪૪૨
શ્રી વલ્લભ એન્ટરપ્રાઈઝ
કિચેન કેબિનેટ | માળીયા | ટી.વી. કેબિનેટ
વોલ પેનેલિંગ | સીલીંગ | પી.વી.સી. દરવાજા
ફાયદા : ઉધઈ પ્રુફ, પાણીની કોઈ અસર નહિ
પીવીસી પતરા ઓર્ડર પ્રમાણે મળશે
ઓછા સમયમાં અસરકારક પ્રતિસાદ આધુનિક યુગનું એક આધુનિક પગલું
૪૬ સરદાર શોપિંગ સેન્ટર, જિલ્લા પંચાયત રોડ, અમરેલી
ROOF TOUCH SHEETS
2015 CERTIFIED COMPANY GOVERNMENT DONE SITE

એડમિશન ચાલુ છે
ધો. ૧૦ અને ૧૨ પછી સરકારી નોકરી અપાવતા કોર્ષ
SI
ફાયર સેફ્ટી
ANM
GNM
BSC
PBSC
D.PHARM
SC ST વિદ્યાર્થીને સ્કોલરશીપ
ધો. ૧૦, ૧૨ નાપાસ વિદ્યાર્થી NIOS બોર્ડ માં પરીક્ષા આપી ઉજ્વળ ભવિષ્ય બનાવો
વધુ માહિતી માટે
અમરેલી, ભાવનગર, ગાંધીનગર, જૂનાગઢ, અમદાવાદ
LAKSHYA
લક્ષ્ય એજ્યુકેશન અમરેલી
7043819956
lakshyaeducationamreli@Gmail.com
https://lakshyaeducation.org.in/

વી. કે. મોટર્સ
VK MOTORS Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE <> SPARE <> INSURANCE
તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે.
ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail : kanpariyavipul4025@gmail.com

દરેક પ્રકારના વોટરકૂલર, ડીપફ્રીઝ, બોટલ કૂલર, વિઝીકૂલર બનાવનાર....
SINCE 1990
VOLTAS
: ઓથો.ડીલર:
Haier | VOLTAS | Rockwell | HI-FROST | BLUE STAR
તુલસી રેફ્રીજરેશન
છૂટક તેમજ હોલસેલ ખરીદવા માટે.....
દુ. ૬/૭- ઓપેરા હાઉસ, અવધ હોટેલ પાસે, અમરેલી. મો. ૯૪૨૬૨૮૭૦૯૭

VOLTAS · beko
A TATA Product
KEEP FRUITS AND VEGETABLES FRESH UP TO 30 DAYS*
AIR CONDITIONERS | AIR PURIFIERS | REFRIGERATORS | WASHING MACHINES | MICROWAVE OVENS | DISHWASHERS | COMMERCIAL REFRIGERATION | AIR COOLERS
Buy online at: www.voltas.com
Visit us at www.myvoltas.com To locate your nearest store, log on to: www.myvoltas.com/store-locator
Voltas 24x7 Customer Service - 1860 599 4555, 9650694555 For product registration, SMS <WTA> to 9289525321 Buy only genuine Voltas stabilizers.
વોલ્ટાસ ઓથો. ડિસ્ટ્રીબ્યુટર A/C, Air Cooler, Commercial Ref., Home Appliances
એવરેસ્ટ ટ્રેડર્સ (રેફ્રિજરેશન) મો. ૯૮૨૫૩૩૫૬૪૫ સર્વિસ નં. ૭૦૧૬૩૫૭૫૬૭
કેરીયા રોડ, નાગરિક બેંકની પાસે, પોસ્ટ ઓફિસની સામે, અમરેલી. ફોન.૦૨૭૯૨-૨૨૦૬૮૪

# લુ લાગેલ દર્દીનો જીવ બચાવી દેવદૂત બનતી વડિયા ૧૦૮ ઈમરજન્સી ટીમ

વડિયા, તા.૧૯




અમરેલી જિલ્લાના વડિયાથી નજીક અમરનગર(જેતપુર) PHC પર એક યુવાનને લુ લાગવાનો બનાવ બન્યો હતો. જેમાં દર્દીને વધુ સારવાર અર્થે અમરનગર સરકારી દવાખાનાથી જેતપુર સિવિલ હોસ્પિટલ ખાતે વડિયા ૧૦૮ દ્વારા લઈ જવાયા હતા. દર્દી બાબુભાઈ સોંદરવા (ઉંમર ૧૯ વર્ષ, રહે. મોણપુર, અમરેલી) ને ઉલટી, ઉબકા, બીપી ઘટી જવું, ચક્કર આવવા, ભાનમાં ગરબડ થવી, ધબકારા વધી જવા જેવા લક્ષણો જણાયા હતા. તેથી સંબંધીઓ તેમને લઈને તરત જ અમરનગર સરકારી દવાખાને પહોંચી ગયા ત્યાં પ્રાથમિક સારવાર આપી હતી. તેમને વધુ સારવારની જરૂર જણાતા વડિયા ૧૦૮ની મદદ મેળવી હતી. જેમાં ઈએમટી સુનિલ લીંબાણી, પાયલોટ દેવદત્ત પરમાર તરત જ અમરનગર જવા રવાના થયા, એમ્બ્યુલન્સમાં દર્દીને ઈમરજન્સી સારવાર સાથે ઓક્સિજન આપી ઝડપથી જેતપુર સરકારી દવાખાને પહોંચાડી તેમની જીંદગી બચાવી લીધી હતી.

# ચોરી થયેલ બાઈક સાથે આરોપીને ઝડપી પાડતી બાબરા પોલીસ

## પોલીસે ચોરાયેલ હીરોહોન્ડા પેશન પ્લસ બાઈક કબ્જે કરી

બાબરા,તા.૧૯



બાબરા પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ મોટરસાયકલની ચોરીના અનડિટેકટ ગુનાને ગણતરીની કલાકોમાં ડિટેકટ કરી ચોરીમાં ગયેલ મોટરસાયકલ સાથે આરોપીને બાબરા પોલીસની ટીમે ઝડપી પાડ્યો હતો. મળતી વિગતો મુજબ બાબરા પોલીસની ટીમે IPC કલમ ૩૭૯ મુજબના ગુનામાં હ્યુમન સોર્સની મદદથી તથા સી.સી.ટી.વી. કેમેરાની મદદથી ચોરાયેલ મોટરસાયકલ સાથે એક ચોર ઈસમને પકડી પાડી ધોરણસરની કાર્યવાહી કરી હતી. આ કેસમાં પોલીસે વીરમભાઈ જયંતીભાઈ સાકરીયા (ઉં.વ.૨૩ ધંધો.મજૂરી રહે. મોણપર તા.જી.અમરેલી)ની ધરપકડ કરી હતી. તેની પાસેથી પોલીસે એક હીરોહોન્ડા પેશન પ્લસ જેના રજી નં. GJ ૧૪ N ૪૬૦૫ જેની કિં.રૂ. ૨૫,૦૦૦/- નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.

# નાગેશ્રી ગામે ડો.બાબાસાહેબ આંબેડકરના પોસ્ટરને નુકસાન

## એસસીએસટી સેલના ડીવાયએસપીએ તપાસ શરૂ કરી

જાફરાબાદ, તા.૧૯

જાફરાબાદના નાગેશ્રી ગામે રહેતા હિતેષભાઈ પ્રાગજીભાઈ જોગદીયા (ઉ.વ.૨૩)એ તેમના જ ગામના રવિ લખમણભાઈ સાંખટ સામે ડો. બાબાસાહેબ આંબેડકરના પોસ્ટર પર બેસીને તેનું અપમાન કરવાની ફરિયાદ નોંધાવી હતી. અમરેલી એસસી એસટી સેલના નાયબ પોલીસ અધિક્ષક પી.આર.રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# સા.કુંડલાના પીઠવડીમાં તા.૨૯મીથી ભાગવત સપ્તાહનું કરાયું આયોજન

અમરેલી,તા.૧૯

સાવરકુંડલા તાલુકાના પીઠવડીમાં સમસ્ત બાળધા પરિવાર દ્વારા પિતૃઓના મોક્ષાર્થે આગામી ૨૯મીથી શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું આયોજન કરાયુ છે. અહીં કથા મંડપ પર હેલિકોપ્ટરથી પુષ્પવર્ષા કરાશે. પીઠવડીમાં તારીખ ૨૯/૪થી તારીખ ૫/૫ સુધી શ્રીમદ ભાગવત કથાનું આયોજન કરાયુ છે. સવારે ૯ થી ૧૧:૩૦ અને બપોરે ૪ થી ૬:૩૦ સુધી કથાનો સમય રહેશે. વ્યાસપીઠ પરથી શાસ્ત્રી શરદભાઈ વ્યાસ ધરમપુરવાળા કથાનું રસપાન કરાવશે. અહી પંચ દશનામ જુના અખાડાના મહામંડલેશ્વર પુ. જયઅંબાનંદગીરીજી આશીર્વચન પાઠવશે. આ ઉપરાંત નૃગેન્દ્રપ્રસાદ મહારાજના હસ્તે હેલિકોપ્ટરથી પુષ્પવર્ષા કરવામા આવશે. કથા દરમિયાન આવતા ધાર્મિક પ્રસંગોની ભાવભેર ઉજવણી કરવામા આવશે. કથામાં પુ. ભાનુપ્રકાશ સ્વામી, એસપી સ્વામી, શાસ્ત્રી નિર્લેપ સ્વામી, શાસ્ત્રી હરજીવનદાસજી સ્વામી, પુ. વિજયબાપુ, ભક્તિરામબાપુ સહિત સંતો મહંતો આશીર્વચન પાઠવશે. અહીં દરરોજ રાસગરબા, સંગીત સંધ્યા, સંતવાણી, ભજન સંધ્યા વિગેરે કાર્યક્રમોનું પણ આયોજન કરાયુ છે.

# બગસરાના પીઠડીયા ગામેથી યુવતી ઘરેથી ચાલી નીકળી

બગસરા, તા.૧૯

બગસરાના પીઠડીયા ગામેથી એક યુવતી ઘરેથી ચાલી નીકળી હતી. જેની શોધખોળ કરવા છતાં કોઈ ભાળ ન મળતાં પોલીસને જાણ કરાઈ હતી.

બનાવ અંગે મોહનભાઈ મેઘજીભાઈ દાફડા (ઉ.વ.૪૫)એ જાહેર કર્યા મુજબ, તેમની પુત્રી હેતલબેન (ઉ.વ.૨૨) ઘરેથી કોઈને કહ્યા વગર જતી રહી હતી અને આજદિન સુધી પરત ફરી નથી. બગસરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એસ. એચ.મીંગ વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલી લોકસભાની ચૂંટણીમાં શ્રમયોગીઓને સવેતન રજા અપાશે

અમરેલી,તા.૧૯

અમરેલી જિલ્લામાં લોકસભાની ચૂંટણી દરમિયાન શ્રમયોગીઓને મતદાન માટે સવેતન સાથે રજા આપવામાં આવશે જેથી શ્રમિકો પોતાનો મતાધિકારનો ઉપયોગ કરી શકે. અમરેલી લોકસભા સીટ પર ૭ મેના રોજ મતદાન યોજાશે. ગુજરાત કારખાના ધારા હેઠળ, બિલ્ડીંગ એન્ડ અધર કન્સ્ટ્રકશન વર્કર્સ એક્ટ હેઠળ નોંધણી થયેલ સંસ્થા ઉપરાંત સાઈટ પરના શ્રમયોગીઓ મતદાનના દિવસે પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે સવેતન રજા આપવામાં આવશે. જૂનાગઢ ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્યના નાયબ નિયામકે જણાવ્યુ હતું કે મતદાનના દિવસે જાહેર રજા કરવાને કારણે શ્રમયોગી તેમજ કર્મચારીઓના પગારામાંથી કપાત કરવાની રહેતી નથી. ઉપરાંત કોઈ શ્રમિકને ગેરહાજરીથી કામગીરીને વિક્ષેપનું કે કામગીરી ખોરંભાઈ જવાનું જોખમ થાય તેવા સંજોગોમાં કારખાનામાં કામ કરતા શ્રમયોગીઓ તથા કર્મચારીઓ મત આપવાનો અધિકાર ભોગવી શકે તે માટે મતદાનના સમયગાળા દરમિયાન ત્રણથી ચાર કલાક સવેતન સાથે રજા આપવાની રહેશે.

# રાજુલાના ખાખબાઈ ગામે આર્થિક તંગીથી કંટાળી યુવકે ઝેરી દવા પીધી

## યુવકનું સારવાર દરમિયાન મોત, પોલીસે તપાસ શરૂ કરી

રાજુલા, તા.૧૯

રાજુલાના ખાખબાઈ ગામે રહેતા એક યુવકે આર્થિક તંગીથી કંટાળી ઝેરી દવા પીધી હતી. જે બાદ તેને સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત થયું હતું. આ અંગે બાલુભાઈ મનુભાઈ બાબરીયા (ઉ.વ.૨૬)એ જાહેર કર્યા મુજબ, કિશોરભાઈ મનુભાઈ બાબરીયા (ઉ.વ.૩૧) છેલ્લા ચાર વર્ષથી સેન્ટીંગનું કામ કરતા હતા પરંતુ હાલ કામ ધંધો મળતો ન હોવાથી આર્થિક રીતે ભાંગી ગયા હતા. જેને લઈ ઝેરી દવા ગટગટાવી લીધી હતી. તેને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડાયો હતો. જ્યાં તેનું મોત થયું હતું.

# અમરેલીમાં કેન્ટીનના માલિકને કર્મચારીએ ગાળો આપવાની ના પાડતાં ફટકાર્યો

## દાદરા પાસે પડેલા કચરાને લઈ માથાકૂટ થઈ

અમરેલી, તા.૧૯

અમરેલીમાં હોટલ માલિક સામે કર્મચારીએ માર માર્યાની ફરિયાદ નોંધાવી હતી. સૈયદ મહમદ અબાદકાર બાયુ એદૂષી (ઉ.વ.૬૨)એ ગોપાલભાઈ ભટ્ટ, અભિષેક ભટ્ટ તથા માધવભાઈ ભટ્ટ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, તેઓ સિટી પેલેસમાં નોકરી કરતા હતા અને હોટલના દાદરા પાસે કચરો પડેલ હોય જે બાબતે દાદરા પાસે આવેલ શિવ કેન્ટીનના માલિક ગોપાલભાઈ ભટ્ટને કહેવા જતાં ઉશ્કેરાઈ જઈ ગાળાગાળી કરવા લાગ્યા હતા. તેમણે ગાળો આપવાની ના કહેતા એકદમ ઉશ્કેરાઈ ગયા હતા અને તેના હાથમાં રહેલા લાકડાનો એક ઘા માથામાં મારવા જતા ડાબો હાથ આડો રાખતા લાકડાનો ઘા આંગળી ઉપર વાગતા આંગળીમાં ફેક્ચરની ઈજા થઈ હતી. અન્ય આરોપીએ ઢીકાપાટુનો માર માર્યો હતો, તેમજ તેમના દીકરાનું ગળું પકડી પછાડી દીધો હતો. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના એએસઆઈ એન.કે.જાડેજા વધુ તપાસ કરી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૦, તિથિ: બારસ
તા. ૨૦-૦૪-૨૦૨૪, શનિવાર, સૂર્યોદય-૦૫:૫૦,
સૂર્યાસ્ત-૦૬:૫૦, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: પૂર્વ ફાલ્ગુની

## દૈનિક રાશિફળ

તા.૨૦-૦૪-૨૦૨૪ શનિવાર

- મેષ: આજનો દિવસ તમારા માટે શુભ છે અને આજે તમે બીજાના કામ માટે દોડશો. આ કરવાથી તમે થાકને બદલે મનમાં જુદો સંતોષ મેળવશો.
- વૃષભ: આજે તમને દરેક કિસ્સામાં ઘણી જવાબદારીઓ સોંપી શકાય છે. આજે તમારો દિવસ કોઈક પ્રકારની વ્યવસ્થા કરવા માટેનો રહેશે.
- મિથુન: આજે તમારો શુભ દિવસ રહેશે. આજે તમે લાંબા સમયથી અટકેલા કાર્યમાં સફળતા પ્રાપ્ત થવાની આશા રાખશો.
- કર્ક: આજનો દિવસ ખાસ રહેશે. તમારું નસીબ દરેક બાબતમાં તમને ટેકો આપશે. સાંસારિક આનંદના માધ્યમો ઉપર શુભ ખર્ચ થવાના કારણે મનમાં આનંદ રહેશે.
- સિંહ: આજનો દિવસ અન્ય દિવસોની તુલનામાં સામાન્ય રહેશે. સંતાન તરફથી ખુશખબર મળવાથી મનોબળ વધશે.
- કન્યા: આજનો દિવસ શુભ છે અને તમને દરેક ક્ષેત્રમાં સારા પરિણામ મળે તેવી આશા છે. આજે તમને દિવસભર આવકના નવા સ્ત્રોત મળશે.
- તુલા: આજનો દિવસ ખાસ છે. આજે લોકોમાં તમારો પ્રભાવ વધશે અને તમારી સાથે કામ કરનારાઓ પણ તમારી વાતોથી પ્રભાવિત થશે.
- વૃશ્ચિક: આજનો દિવસ તમારા માટે વિશેષ દિવસ છે અને ઘણા કિસ્સામાં તે પરિપૂર્ણતા આપવાનો છે. વૃદ્ધ સ્ત્રીના આશીર્વાદથી પ્રગતિ માટેની વિશેષ તકો મળશે.
- ધન: આજના દિવસે કેટલીક પ્રતિકૂળ પરિસ્થિતિનો સામનો કરવો પડશે. અતિશય મજૂરી કરશો પરંતુ આવક ઓછી થશે અને ખર્ચ વધારે હશે.
- મકર: કાર્યમાં સફળતા, ઘરમાં ધનનો વધારો, મિત્રો પાસેથી પૈસાની પ્રાપ્તિ, નબળા શત્રુઓ પર વિજય અને તમામ પ્રકારની આશાઓ આજે પૂર્ણ થશે.
- કુંભ: તમારી રાશિના જાતકો માટે આજનો દિવસ ખૂબ પડકારજનક રહેશે. તમે નવી યોજનાઓ પર નવા ઉત્સાહ સાથે કામ કરશો.
- મીન: તમને આજે દરેક ક્ષેત્રમાં સફળતા મળશે અને તમે ભાગ્યશાળી રહેશો. આજે સંતોની સભાથી મનમાં આનંદ થશે.

# સાવરકુંડલામાં લુહાર ગ્રુપ દ્વારા સંત મૂળદાસજીનો નિર્વાણ દિવસ ઉજવાયો

સાવરકુંડલા. તા. ૧૯



વિક્રમ સવંત ૨૦૮૧ ચૈત્ર સુદ નોમ (૯) બુધવાર તા.૧૭-૪-૨૪ શ્રી રામનવમીના રોજ લુહાર જ્ઞાતિના કુળભૂષણ સંત શ્રી મહાત્મા મૂળદાસજીનો નિર્વાણ દિવસ હતો.

આ પાવન પ્રસંગે સાવરકુંડલામાં ભવ્યાતિભવ્ય શ્રી રામ જન્મોત્સવની શોભાયાત્રામાં લુહાર યુવા ગ્રુપે સંત શ્રી મહાત્મા મૂળદાસજીની પ્રતિમા સાથે જોડાઈ ધન્યતા અનુભવી હતી. આ પાવન પ્રસંગે સાવરકુંડલા તાલુકાના લુહાર પરિવારે હર્ષોલ્લાષ સાથે સંત શ્રી મહાત્મા મૂળદાસજીના ચરણોમાં પુષ્પ અર્પણ કરી, દર્શનનો લાભ લીધો હતો તેમ મયુર રાઠોડ દ્વારા એક યાદીમાં જણાવવામાં આવ્યું હતું.

# દામનગરના ચાર રસ્તા પાસે સ્પીડબ્રેકર બનાવવા માંગ



અમરેલી,તા.૧૯

દામનગરના મુખ્ય માર્ગો અને ચોકડી પાસે સ્પીડબ્રેકર અને જાહેર શૌચાલય બનાવવા માંગ કરાઈ છે.

ગાયત્રી મંદિર પાસે જાહેર શૌચાલય ન હોવાથી ખાસ કરીને સ્ત્રી વર્ગને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. આ બાબતે ધારાસભ્ય અને ચીફ ઓફિસરને રજૂઆત કરવામાં આવી છે.

# દામનગરમાં સાસુ-વહુના ઝઘડામાં પડોશી સમજાવવા જતાં બબાલ થઈ

## ઢીકાપાટુનો મુંઢમાર માર્યો

દામનગર, તા.૧૯

દામનગરમાં સાસુ-વહુના ઝઘડામાં પડોશી સમજાવવા ગયા હતા. આ સમયે પતિ આવતાં તેમણે સમજાવટ માટે આવેલા પડોશીને ઘરે જતા રહેવા જણાવ્યું હતું. જેને લઈ મામલો વણસ્યો હતો અને ઢીકાપાટુ માર્યા હતા.

બનાવ અંગે આબીદભાઈ ઉસ્માનભાઈ સૈયદ (ઉ.વ.૩૦) એ વિપુલભાઈ ઉર્ફે લાલો ભલાભાઈ આદસરા, અજયભાઈ ભલાભાઈ આદસરા તથા ભોળાભાઈ ચોથાભાઈ આદસરા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસ ચોપડે જાહેર થયેલી વિગત પ્રમાણે, આરોપીના પત્ની તથા માતા બન્ને તેના ઘરે અંદરો-અંદર ઝઘડો કરતા હતા. તે તેમના ઘરની સામે રહેતા હોવાથી તેઓ ઝઘડો નહીં કરવા સમજાવવા ગયા હતા. આ દરમિયાન તેઓ તેમના ઘરે જમવા આવતા ઘરના બહારના ભાગે હાજર હતા. ત્યારે આરોપી બોલાચાલી કરીને ગાળો આપવા લાગ્યા હતા. જેથી તેમણે ગાળો બોલવાની ના પાડતા લોખંડના પાઈપ, ઢીકાપાટુનો મુંઢમાર મારી ઈજા કરી હતી.

દામનગર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કે.આર.સાંખટ વધુ તપાસ કરી રહ્યા છે.

# ધારી શહેરમાં સગીરાને જાનથી મારી નાખવાની ધમકી આપી યુવક ભગાડી ગયો

## જિલ્લામાંથી વધુ બે સગીરાનું અપહરણ

ધારી, તા.૧૯

ધારીમાં રહેતી એક સગીરાનો યુવક પીછો કરી જાતીય સતામણી કરતો હતો. ઉપરાંત તેને મળવા બોલાવી, જાનથી મારી નાખવાની ધમકી આપી અપહરણ કરી લઈ ગયો હતો. બનાવ સંદર્ભે સગીરાના પિતાએ ધારીના વાઘાપરામાં રહેતા શુભમભાઈ મનાભાઈ કણસાગરા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેમની સગીર પુત્રીનો આરોપી પીછો કરીને જાતીય સતામણી કરતો હતો. ઉપરાંત તેને મળવા માટે દબાણ કરી, મારી નાખવાની ધમકી આપી હતી. તેમની પુત્રી જ્યારે ટ્યુશનમાં ગઈ ત્યારે આરોપી ફોસલાવીને અપહરણ કરીને લઈ ગયો હતો. ધારી પોલીસ સ્ટેશનના પી.આઈ. એ.એમ. દેસાઈ વધુ તપાસ કરી રહ્યા છે. સાવરકુંડલાના સેંજળ ગામે રહેતી એક સગીરાના માતાએ હાલ સુરતના કામરેજમાં રહેતા મૂળ ગારીયાધારના અનીલ રમેશભાઈ સોલંકી નામના યુવક સામે તેમની પુત્રીને લગ્ન તથા બદકામના ઈરાદે વાલીપણામાંથી ભગાડી ગયાની ફરિયાદ નોંધાવી હતી. ધારી સર્કલ પી.આઈ. કે.વી.ચુડાસમા વધુ તપાસ કરી રહ્યા છે.

તંત્રી લેખ

# ૨૦૨૪માં રાષ્ટ્રવાદ સર્વોપરી હશે

રાષ્ટ્ર સર્વોપરી હોવું જરૂરી છે પરંતુ આજે તેનાથી વિરુદ્ધ દિશામાં આપણે જઈ રહ્યા છીએ. ૨૦૨૪ ની લોકસભાની ચૂંટણીનો પ્રારંભ થઈ રહ્યો છે ત્યારે સૌથી મહત્વની વાત રાજકીય સ્વાર્થ નહીં પરંતુ રાષ્ટ્રવાદનું સમર્થન હોવું જરૂરી છે. રાજકીય પક્ષો સત્તા પ્રાપ્ત કરવા માટે વિરોધી પાર્ટીઓ પર કાદવ ઉછાળે, આક્ષેપો કરે, આંદોલનો કરે અને પોતાનો સમાજ, પોતાની જ્ઞાતિ, પોતાની જાતિને સર્વોત્તમ માની અન્યને ઉતરતા માની તેને અપમાનિત કરે તે વ્યાજબી નથી. મામુલી વાતમાં મોટા આંદોલનો શરૂ કરવા પણ યોગ્ય નથી. કારણ કે તેનાથી પ્રજાને પરેશાની થાય છે. વ્યક્તિગત અને સામાજિક વ્યવહારમાં નૈતિકતા જરૂરી છે પરંતુ કટ્ટર ઈમાનદાર હોવું એ આજની તારીખે એક કટાક્ષનો શબ્દ બનીને રહી ગયો છે કારણકે આવા નેતા સળીયા પાછળ છે. આજે ચૂંટણીના પ્રારંભે જ મણીપુર જેવા રાજ્યમાં અશાંતિ છે. આ એક એવું રાજ્ય છે જ્યાં શક્તિસ્વરૂપ મહિલાઓનું સન્માન નથી. આ મહિલાઓને અપમાનિત કરવામાં આવે છે, તેના પર અત્યાચાર કરવામાં આવે છે. એમ લાગે છે કે અહીં એક માનવી બીજા માનવીથી વધુ ને વધુ દૂર થતો જાય છે અહીં માનવતા ધીમે ધીમે ખતમ થઈ રહી છે અને બંને વચ્ચે એક કટ્ટરવાદ ઉભો થઈ રહ્યો છે. દેશના નાગરિકોની રક્ષા કરતા આવા દળોમાં આવી માનસિકતા ધરાવતા લોકો પાસેથી સમાજના લોકો સુરક્ષાની શું આપેક્ષા રાખી શકે? તાજેતરમાં સંરક્ષણ દળોમાં અગ્નિવીરોની પણ ભરતી થઈ છે અને તેમની ભરતીની જોગવાઈ જોતાં આ અગ્નિવીરો શું કરશે તે અંગે અત્યારે તો ફક્ત અનુમાન જ કરવું રહ્યું! વાસ્તવમાં પોતાને રાષ્ટ્રવાદી કહેવડાવતી સંસ્થાઓ અને લોકોએ પોતાના આવા રાષ્ટ્ર વિરોધી માનસિકતાના કૃત્યને પ્રોત્સાહન આપવાને બદલે આધુનિક યુગમાં વિચાર કરીને સાચા રસ્તે આવી જવાની જરૂર છે. આવી તાકાતોના કૃત્ય દ્વારા દેશ નબળો પડી રહ્યો છે. સાથે-સાથે આ દેશના નાગરિકોએ પણ ધર્મ-જાતિના ભેદભાવમાં પડ્યા વગર તિરસ્કાર છોડીને દેશના દરેક નાગરિક પ્રત્યે સમાનતાની ભાવના રાખવી પડશે. મોંઘવારી, બેરોજગારી, વધતો વેરભાવ, ઘટતી કરુણા-દયા, આ બધી બાબતોની આજે કોઈને ક્યાં ચિંતા છે? એટલે બસ, રાજકીય ચર્ચા કરતા ફરે છે. વળી રાજકારણમાં ધર્મ આવે છે, સંપ્રદાય આવે છે, જાતિઓ અને તેમના અંદર રહેલા ગોત્ર પણ આવે છે. અહીંથી જ તમામ પ્રકારના વિકાર જન્મે છે. વિવાદ જન્મે છે અને ટીવી ચેનલો દ્વારા મેસેજ સમગ્ર દેશમાં લોકો જોઈ રહ્યા છે અને લોકોના માનસમાં આ રીતે નકારાત્મક ભાવ પેદા થાય છે.

ટ્વિટર, ફેસબુક, વ્હોટ્સએપ પર એટલી તીવ્ર દલીલબાજી ચાલી રહી છે કે ૨૦૨૪ની ચૂંટણી અને મણીપુર પણ સંકોચાઈને મોબાઈલ સ્ક્રીનમાં સમાઈ ગયા છે. કદાચ એટલે જ, વડીલો કહેતા હતા કે રાજકારણની નજીક વધુ સમય રહેવું ન જોઈએ. વાદ વિવાદથી દૂર રહેવાની જરૂર છે અને તો જ નકારાત્મક માનસિકતાથી આપણે દૂર રહી શકશું. અહીં જ્ઞાતિ, સમાજ, જાતિ, ધર્મ, સંપ્રદાયના વાડાઓથી ઉપર ઊઠીને રાષ્ટ્ર પ્રત્યેની સમર્પિત ભાવનાની આજે ખાસ જરૂર છે.

# સૌરાષ્ટ્રના મેગા પ્રોજેક્ટ સાકાર થઈ રહ્યા છે

ચૂંટણી નજીક છે ત્યારે લોકો એક પ્રશ્ન પૂછી રહ્યા છે કે વડાપ્રધાને ઘોઘાના દરિયામાં નાળિયેર નાખ્યું પછી કલ્પસરનો પ્રોજેક્ટ કેટલે પહોંચ્યો? લોકોનો બીજો પ્રશ્ન છે સીએનજી પોર્ટ શું હજી કાગળ પર જ છે? તો આ બંને પ્રશ્નોના સચોટ જવાબ પ્રસ્તુત છે.

ગત ઓગસ્ટ ૨૦૨૩ માં ગુજરાત મેરીટાઈમ બોર્ડ ગાંધીનગરના સીઈઓ અને વીસી રાજકુમાર બેનીવાલ હતા તેમણે માહિતી આપી હતી કે મહત્વપૂર્ણ સીએનજી ટર્મિનલ પ્રોજેક્ટ માટે પ્રથમ ચરણની કામગીરી માટેની જમીનની કોઈ સમસ્યા નથી. ડ્રોઈંગ સહિતની કામગીરી શરૂ થવા જઈ રહી છે, બાકીની જમીન સંપાદન કરવાનું જે કામ છે એ ગતિમાં છે જીએમબીએ તેના માટે કાર્યરત છે. ટૂંકમાં કહેવાનો ભાવાર્થ એટલો કે આ પ્રોજેક્ટ ટલ્લે નથી ચડ્યો પરંતુ તેની કાર્યવાહી ૨૦૨૩ માં જ શરૂ થઈ ગઈ છે.

મહત્વની વસ્તુ એ જ છે કે સીએનજી પોર્ટ બનાવવા માટેની જમીન મેરી ટાઈમ બોર્ડ હસ્તકની જ હોવાથી સંપાદન થઈ ગયેલ છે પણ થોડી જમીન ખાનગી પાર્ટીને જીએમબીએ લિઝ પર આપેલી હોવાથી જમીન સંપાદનનું કામ અટકેલ છે. કુલ ૨૫૦ હેક્ટર જમીનની આ પ્રોજેક્ટ માટે જરૂરિયાત છે. આ પ્રોજેક્ટ માટેના હાઈડ્રોગ્રાફિક સર્વે અને જીઓ ટેકનિકલ સર્વે થઈ ચૂક્યા છે અને તેનું રિઝલ્ટ પોઝિટિવ છે તે આપણા માટે આનંદની વાત છે.

ભાવનગરના વિકાસમાં જેને સ્પીડબ્રેકર ઉભા કરવા છે તેનો એક પ્રશ્ન છે કે સીએનજી પોર્ટ ભાવનગરમાં શા માટે ?

તો તેનો જવાબ એ છે કે ભાવનગરમાં લોકગેટ સિસ્ટમ હોવાને કારણે ભાવનગર બંદર બારમાસી બંદર છે. ભાવનગર બંદરથી ૯૦ કિ.મી. દૂર મુંબઈ-દિલ્હી ફ્રન્ટ કોરીડોર, મેઈન હાઈવે પર મળી રહે છે. રેલવે લાઈન મોજુદ છે અને એરપોર્ટ સૌથી નજીક છે. બંદરેથી સીધુ નેશનલ હાઈવે પર જઈ શકાય છે. ઉત્તર ભારત અને મધ્ય ભારત માટે ભાવનગર બંદર નજીક અને અનુકૂળ છે. રૂા. ૧૯૦૦ કરોડનો પ્રોજેક્ટ રૂા.૪૨૦૦ કરોડ પહોંચ્યો છે અને સર્વે પાછળ ૨૫ કરોડનો ખર્ચો થઈ ગયેલ છે.

આ પોર્ટ બને તો સ્ટીલ પ્લાન્ટ, ફર્ટીલાઈઝર પ્લાન્ટ ભાવનગરમાં શરૂ કરવા મોટા ઉદ્યોગગૃહો તત્પર છે. અગાઉ બીરલા કોપરનો પ્રોજેક્ટ વિઘ્નો આવતા પડતો મુકાયો હતો. છેલ્લા ૩૦ વર્ષથી ભાવનગરમાં ભાજપનું શાસન છે પણ મોટી રોજગારી આપતો એકપણ નવો ઉદ્યોગ ભાવનગરમાં આવ્યો નથી. વિશ્વનો સૌપ્રથમ સીએનજી પોર્ટનો પ્રોજેક્ટ ભાવનગર બંદરે કાર્યરત થવાનો હતો પણ જમીન સંપાદનની ધીમી કામગીરીને કારણે છેલ્લા બે વર્ષથી આ પ્રોજેક્ટમાં નોંધપાત્ર પ્રગતિ થઈ નથી. મુખ્યમંત્રી તરીકે નરેન્દ્ર મોદીએ જેનું ખાતમુહૂર્ત કર્યું હતું તે કલ્પસરનો મહત્વકાંક્ષી પ્રોજેક્ટ કાગળોમાં અટવાયા બાદ હવે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઈ-ખાતમુહૂર્ત કર્યું છે તે સીએનજી પોર્ટનો પ્રોજેક્ટ પણ ટલ્લે ચડે તેવી શકયતા વિકાસ વિરોધીઓ વ્યક્ત કરે છે. ભાવનગરના વિકાસ માટે



નરેન્દ્ર મોદીએ સેવેલા સ્વપ્નોના ભાગરૂપેના આ બન્ને મહત્વના પ્રોજેક્ટ માત્ર ચૂંટણી જીતવાના પોકળ વચન સમાન જ સાબિત થયા છે એવું લોકો માને છે પરંતુ સત્ય હકીકત એ છે કે આ બંને પ્રોજેક્ટમાં નોંધપાત્ર પ્રગતિ ઓફિશિયલ લેવલે થઈ રહી છે. ગુજરાત સરકાર બંને પ્રોજેક્ટ સાકાર થાય તેમાં પૂરો રસ ધરાવે છે કારણ કે તેનાથી ગુજરાત વધુ વાઈબ્રન્ટ બનશે અને ભાવનગરનો પૂરો વિકાસ થશે.


**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

અગાઉ સિટીઝન કાઉન્સિલ નામની સંસ્થા દ્વારા તથા સૌરાષ્ટ્ર ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા સીએનજી ટર્મિનલ બાબતમાં રજૂઆત કરવામાં આવી હતી. ૨૦૧૯ના વાઈબ્રન્ટ ગુજરાતમાં ફોરસાઈટ ગ્રૂપ લંડન, પદ્મનાભ મફતલાલ ગ્રુપ મુંબઈ અને રોટેરમ બોસ્કાલીસ દ્વારા ગુજરાત મેરીટાઈમ બોર્ડના ભાવ. પોર્ટ ઈન્ફ્રા પ્રા.લી. સાથે ૧૯૦૦ કરોડના ખર્ચે વિશ્વનું પ્રથમ સીએનજી પોર્ટ ભાવનગર બંદર ખાતે બી.ઓ.ટી. યોજના નીચે બનાવવા માટે જાહેરાત કરવામાં આવી હતી અને ૨૯-૯-૨૦૨૨એ આ અંગે એમઓયુ પણ કરવામાં આવ્યા હતા. આ કરાર મુજબ છ મહિનામાં બાંધકામ શરૂ કરવાનું હતું. આ પ્રોજેક્ટનું ઈ- ખાતમુહૂર્ત વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા કરવામાં આવ્યું હતું. આ સીએનજી પોર્ટ બનાવવા માટેની જમીન મેરીટાઈમ બોર્ડ હસ્તકની જ હોવાથી સંપાદન થઈ ગયેલ છે પણ થોડી જમીન ખાનગી પાર્ટીને જીએમબીએ લીઝ પર આપેલી હોવાથી જમીન સંપાદનનું કામ અટકેલ છે. કુલ ૨૫૦ હેક્ટર જમીનની આ પ્રોજેક્ટ માટે જરૂરિયાત છે. આ સિવાય હાઈડ્રોગ્રાફીક સર્વે અને ૫ જીઓ ટેક્નીકલ સર્વે થઈ ચુકયા છે. મહત્વની વસ્તુ નોંધવા જેવી છે કે ધોલેરાથી ભાવનગરનું અંતર માત્ર ૬૫ કિ.મી. છે. આ સંજોગોમાં ધોલેરા સરના ઉદ્યોગો માટે પણ આ સીએનજી પોર્ટનો પ્રોજેક્ટ મહત્વનો છે. આ પ્રોજેક્ટ સાકાર થાય તો ભાવનગરમાં સ્ટીલ, ફર્ટીલાઈઝરના નવા ઉદ્યોગો આવવાની પણ શક્યતા છે અને ભાવનગર સૌરાષ્ટ્રનું પ્રવેશદ્વાર બને તેમ છે. પણ નરેન્દ્ર મોદીએ ભાવનગર જિલ્લાના વિકાસ માટે સીમાચિન્હરૂપ ગણાય તેવા બે પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત કર્યું છે અને આ બન્ને પ્રોજેક્ટ અધુરા છે અને તેનું ભાવિ અદ્ધરતાલ છે તેમ અમુક રાજકીય પક્ષો અને મીડિયા વાળા માને છે પરંતુ આ બન્ને સર્વે હકારાત્મક છે. સીએનજી પોર્ટ ઉપરાંત કન્ટેનર પોર્ટ અને વ્હીકલ સ્ક્રેપ યાર્ડ તથા સાગરમાલા યોજના નીચે રેલવે પોર્ટ પણ બનનાર છે. જેના કારણે આ પ્રોજેક્ટ ૪,૨૦૦ કરોડનો થયેલો છે. ધોલેરાથી ભાવનગરનું અંતર માત્ર ૬૫ કિલોમીટર છે આ સંજોગોમાં ધોલેરા સરના ઉદ્યોગો માટે પણ સીએનજી પ્રોજેક્ટ મહત્વનો છે. આ પ્રોજેક્ટ સાકાર થાય તો ભાવનગરમાં સ્ટીલ, ફર્ટિલાઈઝરના નવા ઉદ્યોગો આવવાની પણ શક્યતા છે અને ભાવનગર સૌરાષ્ટ્રનું પ્રવેશદ્વાર બને તેમ છે પણ નરેન્દ્ર મોદીએ ભાવનગર જિલ્લાના વિકાસ માટે સીમાચિન્હ રૂપ ગણાય તેવા બે પ્રોજેક્ટનું ખાતમુહૂર્ત કર્યું છે આ બંને પ્રોજેક્ટ અધૂરા છે તેનું ભાવિ અધ્ધરતાલ નથી. આ પ્રોજેક્ટ સાકાર થાય તે માટે ગુજરાત સરકાર સક્રિય પગલા લઈ રહી છે ભલે તે વિશે જાહેરાત ન થાય પરંતુ જીએમબી તથા પ્રાઈવેટ કંપનીઓ દ્વારા સ્થાનિક કાર્યવાહી ચાલુ છે. પ્રથમ ચરણના કામ માટેની જમીન પર્યાપ્ત છે. મહત્વપૂર્ણ સીએનજી ટર્મિનલ પ્રોજેક્ટ માટે

**સામાન્ય માન્યતા એવી છે કે મોટા મેગા પ્રોજેક્ટના ખાતમુહૂર્ત થાય છે પરંતુ તે સાકાર થતા નથી પરંતુ આ બાબત સત્ય નથી. અનેક મેગા પ્રોજેક્ટના લોકાર્પણ પણ થઈ રહ્યા છે. પરંતુ કલ્પસર જેવા પ્રોજેક્ટ એટલા વિરાટ છે કે તે બે ચાર વર્ષમાં સાકાર થઈ શકે નહીં આમ છતાં તેનું કામ ચાલુ હોય છે.**

પ્રથમ ચરણની કામગીરી માટેની જમીનની કોઈ સમસ્યા નથી. પ્રિલીમનરી ડ્રોઈંગ સહિતની કામગીરી શરૂ થવા જઈ રહી છે. બાકીની જમીન સંપાદન કરવાનું જે કામ છે તે ગતિમાં છે. જીએમબી તેના માટે કાર્યરત છે. તેમ તે સમયના રાજકુમાર બેનીવાલ, CEOVC ગુજરાત મેરી ટાઈમ - બોર્ડ, ગાંધીનગર દ્વારા આ માહિતી આપવામાં આવી હતી.

## શબ્દ સંજોગ-૧૭૮૮



**આડી ચાવી :**
(૧) એક કહેવત (૬)
(૬) ખાસ નહિ એવું (૨)
(૮) માગણી, અરજ (૩)
(૯) બાંધણી માટે જાણીતું શહેર (૫)
(૧૧) ઝાકળ (૪)
(૧૨) બાંધછોડ, છૂટછાટ (૪)
(૧૬) કાચુ પાકું નહિ એવું (અં) (૨)
(૧૭) ઉત્સવ, ઉલ્લાસ (૨)
(૧૯) હિસાબ લખનારો (૩)
(૨૧) મોટી સંખ્યામાં નાણું (૩)
(૨૨) ખાંસી, ઉધરસ (૨)
(૨૩) ત્રાકની ચકરડી (૩)
(૨૫) વચન, બોલી (અ) (૨)
(૨૭) ક્ષમા કરેલું, જવા દીધેલું (૨)
(૨૮) રાજમુગટ (૨)
(૩૦) હરકત, વિઘ્ન (૪)
(૩૧) શ્વાસ, દમ (૪)

**ઉભી ચાવી :**
(૧) રાજસ્થાનનું એક શહેર (૫)
(૨) (બાળભાષામાં) સારું, મજેનું (૨)
(૩) નડતર, આડખીલી (૨)
(૪) અનિલ, માધુરી, ચંકીની એક ફિલ્મ (૩)
(૫) ઠીંગણો (૩)
(૬) અગન, બળતરા (૨)
(૭) મલન, લેપ (૪)
(૧૦) નમવું કે નીચું વળવું-ઢળવું તે (૩)
(૧૧) વહેમ, શંકા (૨)
(૧૩) લબડતું, અવ્યવસ્થિત (૬)
(૧૫) રચવાનું મહેનતાણું (૪)
(૧૮) હરણની માદા (૩)
(૨૦) ગતિ, ચાલ (૪)
(૨૨) કામઠું, ધનુષ (૩)
(૨૪) ધૂળનો કણ, અણુ (૨)
(૨૬) કાગડો (૩)
(૨૯) લીલાલહેર (૨)

## શબ્દ સંજોગ-૧૭૮૭ જવાબ

**આડી ચાવી :** (૧) યુગ (૩) ઉપમા (૬) સાથી (૮) ગમન (૯) રાફડો (૧૦) લગી (૧૧) ડગ (૧૨) નાડું (૧૩) નસીબ (૧૫) ફાંસ (૧૯) ચિતાર (૨૧) વક્ર (૨૩) ષડયંત્ર (૨૫) નમક (૨૭) તત્ર (૨૮) કદ (૨૯) વામન (૩૦) વિમર્શ (૩૧) સરળ (૩૨) બખોલ.
**ઉભી ચાવી :** (૧) યુગલ (૨) ગમગીન (૪) પરાગ (૫) માફ (૭) થીગડું (૧૧) ડબ (૧૪) સીમ (૧૬) સચિત્ર (૧૭) જીવન (૧૮) લડત (૨૦) રજોદર્શન (૨૨) ક્રમવાર (૨૪) યંત્ર (૨૬) કમળ (૨૮) કમ (૩૦) વિલ.

# માર્કેટયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૨૭૦ | ૧૫૧૪ |
| ઘઉં લોકવન | ૪૮૫ | ૫૧૦ |
| ઘઉં ટુકડા | ૪૮૦ | ૬૫૦ |
| જુવાર સફેદ | ૭૧૦ | ૮૨૦ |
| જુવાર લાલ | ૬૦૦ | ૭૭૦ |
| જુવાર પીળી | ૩૨૬ | ૪૦૦ |
| બાજરી | ૩૮૦ | ૪૪૦ |
| તુવેર | ૧૫૦૦ | ૨૪૦૧ |
| ચણા પીળા | ૧૧૯૦ | ૧૨૪૫ |
| અડદ | ૧૪૮૫ | ૨૦૫૪ |
| મગ | ૧૫૦૦ | ૨૦૦૦ |
| વાલ દેશી | ૮૦૦ | ૧૮૧૫ |
| મઠ | ૧૦૦૦ | ૧૨૨૫ |
| વટાણા | ૧૧૨૮ | ૧૮૦૦ |
| સીંગદાણા | ૧૫૮૦ | ૧૬૮૦ |
| મગફળી જાડી | ૧૧૧૫ | ૧૩૨૬ |
| મગફળી જીણી | ૧૧૩૦ | ૧૨૪૫ |
| તલી | ૨૪૦૦ | ૨૮૦૦ |
| સુરજમુખી | ૫૪૦ | ૭૮૦ |
| એરંડા | ૧૦૨૦ | ૧૧૦૯ |
| અજમો | ૨૦૩૦ | ૩૦૫૨ |
| સુવા | ૯૦૧ | ૧૨૨૫ |
| સોયાબીન | ૮૬૮ | ૮૯૦ |
| સીંગફાડા | ૧૧૫૫ | ૧૫૭૦ |
| કાળા તલ | ૨૯૨૭ | ૩૨૩૮ |
| લસણ | ૧૨૬૦ | ૩૧૫૦ |
| ધાણા | ૧૨૫૦ | ૧૮૧૧ |
| મરચા સુકા | ૯૦૦ | ૩૧૮૦ |
| ધાણી | ૧૩૬૦ | ૨૩૨૦ |
| વરીયાળી | ૯૦૦ | ૧૬૧૦ |
| જીરૂ | ૩૬૦૦ | ૪૩૯૦ |
| રાય | ૧૧૫૦ | ૧૩૦૦ |
| મેથી | ૯૩૦ | ૧૩૩૦ |
| ઇસબગુલ | ૧૫૦૦ | ૨૨૫૦ |
| અશેરીયો | ૧૧૨૦ | ૧૨૨૫ |
| કલોંજી | ૩૩૫૭ | ૩૬૬૫ |
| રાયડો | ૮૮૦ | ૯૭૦ |
| રજકાનું બી | ૩૨૫૦ | ૩૪૧૧ |
| ગુવારનું બી | ૯૭૦ | ૧૦૦૦ |
| **રાજકોટ(શાકભાજી)** | | |
| કેરી કાચી | ૩૩૦ | ૬૫૦ |
| લીંબુ | ૨૦૦૦ | ૨૮૫૦ |
| સાકરટેટી | ૨૫૦ | ૪૫૦ |
| તરબુચ | ૧૫૦ | ૩૨૦ |
| બટેટા | ૩૫૦ | ૬૦૦ |
| ડુંગળી સુકી | ૧૧૦ | ૩૧૫ |
| ટમેટા | ૨૦૦ | ૩૦૦ |
| સુરણ | ૧૩૮૦ | ૧૬૩૦ |
| કોથમરી | ૨૫૦ | ૪૨૦ |
| સકરીયા | ૨૦૦ | ૪૦૦ |
| રીંગણા | ૧૨૦ | ૨૪૦ |
| કોબીજ | ૧૦૦ | ૧૮૦ |
| ફ્લાવર | ૨૦૦ | ૪૦૦ |
| ભીંડો | ૪૦૦ | ૭૦૦ |
| ગુવાર | ૭૦૦ | ૧૨૫૦ |
| ચોળાસીંગ | ૬૫૦ | ૯૦૦ |
| વાલોળ | ૫૦૦ | ૧૦૦૦ |
| ટીંડોળા | ૬૦૦ | ૧૧૦૦ |
| દુધી | ૧૬૦ | ૨૫૦ |
| કારેલા | ૩૫૦ | ૬૫૦ |
| સરગવો | ૨૫૦ | ૫૫૦ |
| તુરીયા | ૪૫૦ | ૭૦૦ |
| પરવર | ૬૫૦ | ૧૧૦૦ |
| કાકડી | ૨૦૦ | ૪૫૦ |
| ગાજર | ૧૮૦ | ૨૬૦ |
| વટાણા | ૮૦૦ | ૧૪૦૦ |
| ગલકા | ૩૫૦ | ૫૮૦ |
| બીટ | ૧૨૦ | ૨૮૦ |
| મેથી | ૨૦૦ | ૩૮૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૩૮૦ |
| આદુ | ૧૭૦૦ | ૨૧૫૦ |
| મરચા લીલા | ૩૦૦ | ૫૫૦ |
| લસણ લીલું | ૧૮૦૦ | ૨૭૦૦ |
| મકાઇ લીલી | ૧૮૦ | ૩૧૦ |
| ગુંદા | ૩૫૦ | ૭૫૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૪૪૦ | ૫૦૦ |
| રીંગણાં | ૪૦૦ | ૬૦૦ |
| ફુલાવર | ૨૦૦ | ૨૫૦ |
| કોબીજ | ૧૨૦ | ૨૧૦ |
| શક્કરિયા | ૩૦૦ | ૩૬૦ |
| ટામેટા | ૧૯૦ | ૨૯૦ |
| ગાજર | ૨૧૦ | ૩૦૦ |
| દૂધી | ૩૦૦ | ૪૦૦ |
| કરેલા | ૪૦૦ | ૫૦૦ |
| ગલકા | ૪૧૦ | ૫૧૦ |
| કાકડી | ૩૦૦ | ૪૦૦ |
| ગુવાર | ૫૩૦ | ૧૦૩૦ |
| વટાણા | ૧૪૦૦ | ૧૬૦૦ |
| તુરીયા | ૬૦૦ | ૮૦૦ |
| ભીંડો | ૪૨૦ | ૫૨૦ |
| આદુ | ૨૪૨૦ | ૨૬૨૦ |
| કોથમીર | ૩૧૦ | ૪૧૦ |
| મેથીભાજી | ૭૦૦ | ૮૦૦ |
| ફુદીનો | ૪૦૦ | ૫૦૦ |
| ટીંડોરા | ૬૦૦ | ૭૦૦ |
| બીટ | ૧૫૦ | ૨૫૦ |
| સરગવો | ૩૦૦ | ૪૦૦ |
| લીમડો મીઠો | ૧૨૦ | ૧૮૦ |
| મરચા લીલા | ૫૦૦ | ૬૦૦ |
| ડુંગળી લીલી | ૨૧૦ | ૩૦૦ |
| ડુંગળી સૂકી | ૮૦ | ૩૦૦ |
| લસણ લીલું | ૨૦૦૦ | ૨૫૧૦ |
| લસણ સૂકું | ૨૬૦૦ | ૩૦૦૦ |
| લીંબુ | ૨૦૩૦ | ૨૪૩૦ |
| પાલક | ૪૦૦ | ૫૦૦ |
| મકાઈ | ૩૦૦ | ૪૦૦ |
| ગુંદા | ૩૧૦ | ૫૦૦ |
| **અમરેલી** | | |
| કપાસ | ૯૪૨ | ૧૪૮૦ |
| શિંગ મઠડી | ૮૫૦ | ૧૨૦૯ |
| શિંગ મોટી | ૧૦૫૩ | ૧૨૦૪ |
| શિંગ ફાડા | ૧૩૬૦ | ૧૫૯૦ |
| તલ સફેદ | ૨૨૪૫ | ૨૭૭૫ |
| તલ કાળા | ૩૦૭૫ | ૩૨૩૩ |
| બાજરો | ૩૫૦ | ૫૦૯ |
| જુવાર | ૪૦૦ | ૮૭૦ |
| ઘઉં ટુકડા | ૪૪૦ | ૬૭૫ |
| ઘઉં લોકવન | ૪૫૪ | ૫૫૦ |
| ચણા | ૯૯૬ | ૧૨૨૪ |
| ચણા દેશી | ૧૦૯૨ | ૧૩૦૩ |
| તુવેર | ૧૬૦૦ | ૨૧૦૦ |
| એરંડા | ૯૪૫ | ૧૦૮૭ |
| જીરું | ૨,૮૪૦ | ૪,૨૯૦ |
| રાયડો | ૮૪૫ | ૯૩૫ |
| ધાણા | ૧૨૭૦ | ૧૭૭૫ |
| ધાણી | ૧૧૯૦ | ૧૮૪૦ |
| અજમા | ૨૩૩૦ | ૨૫૩૦ |
| મેથી | ૯૦૫ | ૯૭૦ |
| સોયાબીન | ૮૦૦ | ૮૯૪ |
| કાંગ | ૭૫૦ | ૯૦૧ |
| મરચા લાંબા | ૭૦૦ | ૩૩૦૦ |
| વરીયાળી | ૯૩૦ | ૧૧૨૫ |
| **બાબરા** | | |
| કપાસ | ૧૨૦૮ | ૧૫૦૨ |
| ઘઉં | ૪૬૫ | ૫૭૫ |
| ચણા | ૧૧૫૪ | ૧૨૩૦ |
| જીરૂ | ૩૮૯૦ | ૪૨૬૦ |
| ધાણા | ૧૫૩૫ | ૧૫૯૫ |
| મેથી | ૯૭૦ | ૧૦૧૦ |
| રાઈ | ૯૭૦ | ૧૧૨૦ |
| તુવેર | ૧૪૬૦ | ૧૬૪૦ |
| એરંડા | ૧૦૨૦ | ૧૦૭૦ |
| **લીલીયા મોટા** | | |
| કપાસ | ૧૦૯૫ | ૧૫૧૬ |
| ચણા | ૯૧૬ | ૯૧૬ |
| **સાવરકુંડલા** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૪૨૧ |
| મગફળી જીણી | ૮૦૧ | ૧૧૯૭ |
| મગફળી જાડી | ૯૩૦ | ૧૨૯૬ |
| તલ સફેદ | ૨૪૦૦ | ૨૭૦૦ |
| જીરૂ | ૩૦૦૦ | ૪૧૦૦ |
| ઘઉં | ૪૪૦ | ૫૧૫ |
| ઘઉં ટુકડા | ૪૫૧ | ૫૮૨ |
| બાજરો | ૪૦૦ | ૫૦૦ |
| જુવાર | ૪૨૫ | ૮૦૦ |
| મકાઈ | ૪૫૦ | ૫૨૫ |
| ચણા | ૧૧૦૦ | ૧૨૫૧ |
| દેશી ચણા | ૧૧૦૦ | ૧૩૨૯ |
| તુવેર | ૧૬૦૦ | ૨૨૫૦ |
| એરંડા | ૧૦૦૦ | ૧૦૮૫ |
| મેથી | ૮૦૦ | ૧૦૨૫ |
| રાયડો | ૭૫૦ | ૯૨૫ |
| ધાણા | ૧૨૦૦ | ૧૪૦૧ |
| સોયાબીન | ૮૦૦ | --- |
| **ધારી** | | |
| ઘઉં | ૫૦૦ | ૫૧૨ |
| ચણા | ૧૦૯૧ | ૧૨૦૭ |
| તુવેર | ૧૯૫૧ | ૧૯૫૧ |
| ધાણા | ૧૨૪૫ | ૧૩૫૨ |
| એરંડા | ૧૦૫૬ | ૧૦૫૬ |
| બાજરો | ૪૫૨ | ૪૫૨ |
| **મહુવા** | | |
| કપાસ શંકર | ૮૦૦ | ૧૪૪૨ |
| શીંગ નં.૩૨ | ૧૧૨૦ | ૧૨૩૩ |
| એરંડા | ૯૮૦ | ૧૦૬૯ |
| જુવાર | ૪૩૦ | ૯૬૧ |
| બાજરી | ૩૪૭ | ૫૩૭ |
| ઘઉં ટુકડા | ૩૮૯ | ૬૫૦ |
| મેથી | ૯૫૧ | ૯૫૧ |
| સોયાબીન | ૮૦૦ | ૮૪૧ |
| ચણા | ૭૦૫ | ૧૨૧૬ |
| તલ | ૨૩૦૦ | ૨૬૫૨ |
| જીરૂ | ૨૭૦૦ | ૩૧૦૦ |
| ડુંગળી લાલ | ૧૩૬ | ૩૩૩ |
| ડુંગળી સફેદ | ૨૦૦ | ૨૮૯ |
| નાળિયેર | ૨૪૦ | ૧૮૧૩ |
| તલ પુરબીયા | ૨૮૦૦ | ૨૮૦૦ |
| ચણા છોલે | ૧૭૩૫ | ૧૭૩૫ |
| શીંગ ૨૦ | ૧૧૪૦ | ૧૨૪૯ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૫૪૫ |
| ઘઉં | ૪૦૦ | ૫૫૦ |
| બાજરો | ૪૧૦ | ૪૧૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૮૫ |
| તુવેર | ૧૮૫૦ | ૨૨૧૦ |
| મગફળી | ૮૦૦ | ૧૨૧૦ |
| સીંગફાડા | ૧૨૦૦ | ૧૩૮૦ |
| એરંડા | ૧૦૫૦ | ૧૧૦૨ |
| તલ | ૧૫૦૦ | ૨૨૫૦ |
| મેથી | ૮૦૦ | ૧૧૦૦ |
| જીરૂ | ૩૦૦૦ | ૪૨૭૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૪૯૫ |
| સોયાબીન | ૭૫૦ | ૯૦૦ |
| **જામનગર** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૪૫૦ |
| બાજરો | ૪૦૦ | ૫૧૫ |
| ઘઉં | ૪૫૦ | ૫૬૩ |
| મગ | ૧૦૦૦ | ૧૨૦૦ |
| તુવેર | ૧૬૦૦ | ૨૧૭૫ |
| ચોળી | ૮૦૦ | ૧૦૦૦ |
| વાલ | ૧૩૦૦ | ૧૫૯૦ |
| મેથી | ૮૦૦ | ૧૧૪૫ |
| ચણા | ૧૧૦૦ | ૧૨૭૭ |
| ચણા સફેદ | ૧૭૦૦ | ૨૦૯૫ |
| મગફળી જીણી | ૧૦૫૦ | ૧૧૮૦ |
| મગફળી જાડી | ૧૦૦૦ | ૧૨૨૦ |
| એરંડા | ૧૦૦૦ | ૧૦૭૨ |
| રાયડો | ૮૦૦ | ૯૯૮ |
| રાઈ | ૧૦૦૦ | ૧૩૧૫ |
| લસણ | ૭૦૦ | ૨૮૫૫ |
| જીરૂ | ૨,૦૦૦ | ૪,૪૨૫ |
| અજમો | ૨૧૬૦ | ૩૪૯૦ |
| ધાણા | ૯૦૦ | ૧૪૫૦ |
| ધાણી | ૧૦૦૦ | ૧૭૮૦ |
| ડુંગળી સૂકી | ૭૦ | ૨૩૦ |
| ઈસબગુલ | ૧૪૦૦ | ૨૨૩૫ |
| સોયાબીન | ૮૦૦ | ૮૭૫ |
| વટાણા | ૧૦૦૦ | ૧૩૭૦ |
| રાજમા | ૧૭૦૦ | ૧૯૪૦ |
| **ગોંડલ** | | |
| ઘઉં | ૪૫૦ | ૬૦૬ |
| ઘઉં ટુકડા | ૪૬૦ | ૬૪૧ |
| કપાસ | ૧૧૦૧ | ૧૪૭૧ |
| મગફળી જીણી | ૯૧૧ | ૧૨૯૬ |
| મગફળી જાડી | ૮૩૧ | ૧૩૬૧ |
| શીંગ ફાડા | ૯૦૧ | ૧૫૮૧ |
| એરંડા | ૭૪૧ | ૧૧૧૧ |
| તલ | ૧૬૦૦ | ૨૭૭૧ |
| તલ લાલ | ૩૨૯૧ | ૩૨૯૧ |
| જીરૂ | ૩૧૫૧ | ૪,૩૯૧ |
| કલંજી | ૧૩૦૦ | ૩૬૩૧ |
| વરિયાળી | ૬૦૧ | ૧૦૭૧ |
| ધાણા | ૧૧૦૧ | ૧૮૦૧ |
| ધાણી | ૧૨૦૧ | ૨૧૭૬ |
| મરચા | ૬૦૧ | ૨૮૦૧ |
| મરચાસૂકા પટ્ટો | ૫૫૧ | ૬૭૦૧ |
| લસણ | ૮૮૧ | ૩૦૫૧ |
| ડુંગળી | ૭૬ | ૨૯૬ |
| ડુંગળી સફેદ | ૨૧૪ | ૨૬૮ |
| ગુવારનું બી | ૬૫૧ | ૯૭૧ |
| બાજરો | ૩૧૧ | ૩૮૧ |
| જુવાર | ૪૫૧ | ૭૮૧ |
| મકાઈ | ૪૩૧ | ૫૬૧ |
| મગ | ૮૫૧ | ૨૧૨૬ |
| ચણા | ૧૧૦૧ | ૧૨૩૬ |
| વાલ | ૪૯૧ | ૧૯૩૧ |
| વાલ પાપડી | ૧૯૦૧ | ૧૯૦૧ |
| અડદ | ૭૧૧ | ૧૮૭૧ |
| ચોળા/ચોળી | ૮૦૦ | ૧૭૭૬ |
| મઠ | ૯૫૧ | ૯૫૧ |
| તુવેર | ૧૧૦૧ | ૨૩૩૧ |
| સોયાબીન | ૫૦૦ | ૮૯૧ |
| રાઈ | ૯૫૧ | ૧૧૮૧ |
| મેથી | ૬૦૦ | ૧૨૫૧ |
| સુવા | ૯૨૧ | ૯૯૧ |
| અરીઠા | ૭૯૧ | ૭૯૧ |
| ગોગળી | ૭૫૦ | ૧૧૭૧ |
| કાંગ | ૧૦૪૧ | ૧૦૯૧ |
| સુરજમુખી | ૫૩૧ | ૫૩૧ |
| વટાણા | ૧૬૬૧ | ૧૬૮૧ |
| ચણા સફેદ | ૧૨૭૧ | ૨૧૨૧ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૧૫૨ | ૧૪૫૫ |
| ઘઉં | ૪૭૦ | ૫૫૧ |
| ચણા | ૧૧૩૦ | ૧૧૮૧ |
| ધાણા | ૧૩૮૦ | ૧૪૫૦ |
| મેથી | ૧૦૫૨ | ૧૦૫૨ |
| તુવેર | ૧૬૦૦ | ૧૬૦૦ |
| તલ સફેદ | ૨૭૦૦ | ૨૭૦૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૧૫૦ | ૧૪૦૦ |
| ચણા | ૧૦૯૫ | ૧૧૮૧ |
| જુવાર | ૩૫૦ | ૪૦૦ |
| ચણા સફેદ | ૧૧૫૫ | ૧૩૨૫ |
| ધાણા | ૧૧૨૫ | ૧૨૮૦ |
| તુવેર | ૧૩૦૦ | ૨૦૦૦ |
| રાઈ | ૯૦૦ | ૯૫૦ |
| ઘઉં લોકવન | ૩૬૨ | ૫૦૫ |
| ઘઉં ટુકડા | ૪૦૪ | ૫૩૩ |
| રાયડો | ૮૦૦ | ૮૨૦ |
| સોયાબીન | ૮૫૦ | ૮૬૪ |
| મેથી | ૭૨૫ | ૯૮૩ |
| લસણ | ૧૧૩૫ | ૨૩૪૦ |
| જુવાર | ૩૫૦ | ૪૦૦ |
| રાયડો | ૮૦૦ | ૮૨૦ |
| ધાણી | ૧૨૦૦ | ૧૨૯૫ |
| **રાજુલા** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૪૭૫ |
| બાજરો | ૪૦૦ | ૫૩૭ |
| ઘઉં ટુકડા | ૪૪૦ | ૫૮૧ |
| જુવાર | ૫૦૦ | ૮૦૭ |
| મકાઈ | ૪૨૫ | ૪૨૫ |
| મેથી | ૧૦૦૨ | ૧૦૦૨ |
| ચણા | ૧૧૦૦ | ૧૨૧૨ |
| જીરૂ | ૩૦૦૦ | ૪૫૦૦ |
| જીરૂ | ૩૦૦૦ | ૪૫૦૦ |
| ધાણા | ૧૨૬૦ | ૧૨૬૦ |
| એરંડી | ૯૦૦ | ૧૦૫૧ |
| સોયાબીન | ૮૫૦ | ૮૭૦ |
| રાય | ૮૫૦ | ૧૧૦૦ |
| તલ કાળા | ૨૬૦૦ | ૨૬૦૧ |
| તલ સફેદ | ૨૩૫૦ | ૨૪૦૦ |
| **કોડીનાર** | | |
| તલ સફેદ | ૨૨૫૦ | ૨૫૪૫ |
| જુવાર | ૬૦૦ | ૮૪૧ |
| ચણા | ૧૧૮૦ | ૧૨૩૧ |
| એરંડા | ૧૦૬૦ | ૧૦૯૬ |
| રાયડો | ૯૫૦ | ૯૮૪ |
| રાઈ | ૧૧૮૦ | ૧૨૧૨ |
| ધાણા | ૧૨૦૦ | ૧૪૦૭ |
| સોયાબીન | ૮૫૦ | ૯૨૦ |
| મગફળી જીર૦ | ૧૧૮૦ | ૧૩૧૭ |
| મગફળી ૩૨ | ૧૧૫૦ | ૧૨૬૩ |
| બાજરી હા. | ૪૨૫ | ૫૨૯ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya
Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# રાજકોટ લોકસભાની બેઠક માટે પરેશ ધાનાણીએ વિજય મુહૂર્તમાં ફોર્મ ભર્યું

## ક્ષત્રિયાણીઓએ પરેશ ધાનાણીને રાખડી બાંધી જીતના આશીર્વાદ આપ્યા

રાજકોટ,તા.૧૯

લોકસભાની ચૂંટણી પ્રક્રિયામાં ઉમેદવારી નોંધાવવાનો છેલ્લો દિવસ હતો ત્યારે આજે છેલ્લા દિવસે રાજકોટ લોકસભા બેઠકના કોંગ્રેસના ઉમેદવાર પરેશભાઈ ધાનાણીએ બપોરે ૧૨.૩૯ વાગ્યે વિજય મુહૂર્તમાં પોતાનું ઉમેદવારીપત્ર ભર્યું હતું. કોંગ્રેસના આગેવાનો પરેશભાઈ ધાનાણી સાથે રહ્યા હતા. જોકે, ધાનાણી સાથે ક્ષત્રિયાણીઓએ પણ ફોર્મ ભરવાની વાત હતી. પરંતુ હજી સુધી તેમની સાથે એકપણ ક્ષત્રિયાણીએ ફોર્મ ભર્યું નથી. સભામાં કોંગ્રેસના ક્ષત્રિય સમાજની બહેનોએ જવતલિયા ભાઈ પરેશભાઈ ધાનાણીને રાખડી બાંધી જીત માટેના આશીર્વાદ પાઠવ્યા હતા તેમજ ધાનાણીના ઓવારણા લીધા હતા. આ સમયે લોકોએ 'જય ભવાની'નો જયઘોષ કર્યો



હતો. સભામાં ધાનાણીએ જણાવ્યું હતું કે, દીકરીઓની આંખમાં આંસુ જોયા છે, અહંકારી માછલીની આંખ વિંધવા આવ્યો છું, ગુજરાત ભાજપમાં દાવાનળ ચાલી રહ્યો છે. ઉલ્લેખનીય છે કે, રૂપાલા અને ધાનાણી ૨૨ વર્ષ પછી ફરી આમને-સામને ચૂંટણી જંગ લડશે. ધાનાણીએ વધુમાં જણાવ્યુ હતું કે, લોકસભાની ચૂંટણીના પડઘમ વાગી ચૂક્યા છે. ગાંધી અને સરદારના ગુજરાતમાં ભાજપે વર્ગવિગ્રહનું કાવતરું ઘડ્યું છે. કોઈએ કહ્યું કે, દીકરીઓના દામનને દાગ લગાડી ભાજપે મહાભારત બનાવ્યું છે.

એક અભિમન્યુ સાતમા કોઠે અટકી ગયો હતો. મને તો દૂધ પીતા છોકરાને અમરેલી વિધાનસભાથી મોકલ્યો હતો. રાજકોટ પણ મને આગળ મોકલશે. સ્વાભિમાન યુદ્ધનો આજે શંખનાદ કર્યો છે. સત્તાના અહંકાર સામે સામાન્ય માણસના સ્વાભિમાનની લડાઈ છે. રાજકોટનાં હૃદયને જીતવા આવ્યો છું.

# રાજકોટ ગુરુકુળમાં રામનવમીની ઉજવણીમાં પરશોત્તમ રૂપાલાની હાજરી

## ગુરૂકુળના સંતોએ પરશોતમ રૂપાલાને જીત માટેના આશીર્વાદ પાઠવ્યા



રાજકોટ, તા.૧૯

રાજકોટ સ્વામિનારાયણ ગુરુકુળ, ગોંડલ રોડમાં રામનવમીની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. જેમાં દેવકૃષ્ણદાસજી સ્વામી, હરિભક્તો, રાજકોટ લોકસભા સીટના ભાજપના ઉમેદવાર પરશોત્તમભાઈ રૂપાલા, રામભાઈ મોકરીયા, ગણેશસિંહ જાડેજા, જિલ્લા મહામંત્રી માધવભાઈ દવે, જિલ્લા ભાજપ પ્રમુખ અલ્પેશભાઈ ઢોલરીયા, ઘનશ્યામભાઈ લાંભીયા અને ગુરુકુલના સંતો ઉપસ્થિત રહ્યા હતા.

# ચોટીલા તાલુકાના કાંધાસર ગામનો શખ્સ પિસ્તોલ અને જીવતા કારતૂસ સાથે ઝડપાયો

ચોટીલા,તા.૧૯

સુરેન્દ્રનગર જિલ્લાના ચોટીલા તાલુકાના કાંધાસર ગામનો શખ્સ ગેરકાયદેસર પિસ્ટલ અને બે જીવતા કારતૂસ સાથે ઝડપાયો છે. જેમાં સુરેન્દ્રનગર એસઓજી ટીમે ૩૦ વર્ષના આ શખ્સને ગેરકાયદેસર પિસ્ટલ અને બે જીવતા કારતૂસ મળી કુલ રૂ. ૧૫,૨૦૦ના મુદ્દામાલ સાથે ઝબ્બે કરી કાર્યવાહી હાથ ધરી છે. સુરેન્દ્રનગર એસઓજી ટીમના પીઆઈ એચ.જે.ભટ્ટ સહિતનો પોલીસ સ્ટાફ પેટ્રોલિંગમાં હતો, ત્યારે અગાઉથી મળેલી બાતમીના આધારે ચોટીલા તાલુકાના કાંધાસર ગામના અનિલભાઈ વિરાભાઈ ખેતરીયા રહે- ચોટીલાવાળાને ગેરકાયદેસર પિસ્ટલ અને બે જીવતા કારતૂસ સાથે ઝડપી પાડ્યો હતો. જેમાં સુરેન્દ્રનગર એસઓજી



ટીમે ૩૦ વર્ષના અનિલભાઈ વિરાભાઈ ખેતરીયા નામના શખ્સને ગેરકાયદેસર પિસ્ટલ અને બે જીવતા કારતૂસ મળી કુલ રૂ. ૧૫,૨૦૦ના મુદ્દામાલ સાથે ઝબ્બે કરી કાર્યવાહી હાથ ધરી છે.

સુરેન્દ્રનગર એસઓજી ટીમના આ દરોડામાં પીઆઈ એચ.જે.ભટ્ટ, પીએસઆઈ વી.ઓ.વાળા, પ્રવીણભાઈ આલ, મુન્નાભાઈ રાઠોડ, રવિરાજભાઈ ખાચર અને જગમાલભાઈ અંબારામભાઈ સહિતનો એસઓજીનો સમગ્ર સ્ટાફ સાથે હાજર હતો.

# પુત્રીના જન્મદિન નિમિત્તે કાગવડ ખાતે ખોડલધામ મંદિરે ધ્વજારોહણ કરાયુ

## વ્રજ ગૃપના ધવલભાઈ સાવલીયા બંને દીકરીઓના જન્મદિને સેવાકીય કાર્ય કરે છે



રાજકોટ,તા.૧૯

આજકાલ જન્મદિન નિમિત્તે બર્થડે પાર્ટીઓ કરીને મોંઘીદાટ ઉજવણી કરવાનું ચલણ વધતું જાય છે. ગોંડલના વ્રજ ગ્રુપના ધવલભાઈ સાવલિયાએ દીકરી વાન્યાના જન્મદિનની ખોડલધામ મંદિર કાગવડ ખાતે ધ્વજારોહણ કરી ઉજવણી કરી છે. ધવલભાઈ બન્ને દીકરીના નામે દર મહિનાની ૧૬ તારીખ અને ૨૬ તારીખે સેવાકીય કાર્ય કરે છે. દર મહિનાની ૨૬ તારીખે માન્યાના નામે વીરપુર ખાતે આવેલ માવતર વૃદ્ધાશ્રમમાં સાંજના સમયે વૃધ્ધોને જમાડવામાં આવે છે. આ તકે ટ્રસ્ટના ચેરમેન નરેશભાઈ પટેલ, ટ્રસ્ટીઓ, જેતપુર ધારાસભ્ય જયેશભાઈ રાદડિયા, ગોંડલ ULD કન્યા છાત્રાલયના પ્રમુખ વિઠ્ઠલ ધડુક, જ્યોર્તિરાદિત્યસિંહ જાડેજા સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

# ધારી પંથકના ગામડાઓમાં જેની ઠુંમરનો મતદારો સાથે સંવાદ







અમરેલી,તા.૧૯

અમરેલી સંસદીય મત વિસ્તારના કોંગ્રેસના શિક્ષિત મહિલા ઉમેદવાર જેનીબેન ઠુંમર આજ ધારી તાલુકાના પ્રવાસે છે. ત્યારે તેમણે ધારીના કુબડામાં "અમરેલી જિલ્લાના પ્રથમ કેન્દ્રીય કેબિનેટ મંત્રી સ્વ.મનુભાઈ કોટડીયાને અને તેમની જન્મભૂમિને વંદન કરૂં છું" કહી જેનીબેન ઠુમ્મરે જણાવ્યુ હતું કે અમરેલી જિલ્લાના ખેડૂતો મહેનતુ છે પરંતુ અપૂરતી કૃષિ સિંચાઈને કારણે ફક્ત વરસાદ આધારિત ખેતી જ થઈ શકે છે. ત્યારે અમરેલી જિલ્લા સહિત સમગ્ર સૌરાષ્ટ્રના ખેડૂતો બારેમાસ ખેતી કરી શકે અને અહીંયાથી લોકોને ધંધા રોજગાર માટે મોટા શહેરોમાં ન જવું પડે તે માટે કલ્પસર યોજના તેના મૂળ સ્વરૂપે લાગુ કરવામાં આવે તો સૌરાષ્ટ્રના મોટાભાગના જિલ્લાઓ અમરેલી, ભાવનગર, જૂનાગઢ, સુરેન્દ્રનગર, બોટાદ સહિતના જિલ્લાઓમાં પીવા માટેનું મીઠુ પાણી અને ખેતી માટે નહેરો દ્વારા બારેમાસ સિંચાઈનું પાણી મળી શકત અને આ વિસ્તારમાં બારેમાસની ખેતી શકય બનત પરિણામે પછાત ગણાતા આ જિલ્લામાં વિકાસની અનેક તકો ઉભી થાત. તેમણે જણાવ્યું કે બહેનો પણ ઘરે બેઠા પશુપાલન થકી દૂધ અને તેની બનાવટના વેચાણ દ્વારા રોજગારી મેળવી શકે તેવા અમારા પ્રયાસો રહેશે. કલ્પસર યોજના માટે અનેક આંદોલનો થયા પણ સર્વેના નામે આ યોજના પુરી થતી નથી માટે મારી એવી માંગણી છે કે સૌરાષ્ટ્રને બેઠુ કરવુ હોય અને લોકોને સારામાં સારી રોજગારી ઘરે બેઠા પોતાના વતનમાં મળી શકે તે માટે આ યોજનાની ફાઈલો ઉતારી અને તેના પર કાર્યવાહી થવી જોઈએ અને કલ્પસર યોજના તેના મૂળ સ્વરૂપે સાકાર થવી જોઈએ. ધારી પંથકના તમામ સરકારી દવાખાનાને આધુનિક સુવિધાથી સજ્જ કરવા માટે પણ કામગીરી કરવાની જરૂર છે. આ ઉપરાંત હોસ્પિટલો સહિત અનેક સરકારી કચેરીઓમાં પુરતો સ્ટાફ નથી જેથી લોકોના કામો પણ સરળતાથી થઈ શકતા નથી. માટે આ વિસ્તારમાં પુરતા પ્રમાણમાં સરકારી મહેકમ ભરાય તેવી અમારી માંગણી છે. આ ઉપરાંત કેન્દ્રમાં ઈન્ડીયા ગઠબંધનની સરકાર આવશે તો રાહુલ ગાંધીજીએ જાહેર કર્યા મુજબની લોક ઉપયોગી યોજનાઓ લાગુ થાશે જેમાં યુવાનો માટે કેન્દ્ર સરકારના સરકારી વિભાગોમાં ૩૦ લાખ નોકરીઓની જગ્યા ખાલી છે તે સરકાર આવતા તુરંત ભરવામાં આવશે. અમરેલીમાં ચૂંટણી પ્રચાર દરમિયાન કોંગ્રેસના મહિલા ઉમેદવારે આચારસંહિતાનો ભંગ કર્યો હોવાની ભાજપની લીગલ ટીમ દ્વારા ફરિયાદ કરાતા ચૂંટણી પંચે નોટિસ ફટકારી ખુલાસો પૂછ્યો છે. જાહેરસભામાં ભાષણ દરમિયાન કોંગ્રેસના ઉમેદવારે તેની બંને બાજુ ભારતમાતાના વેશમાં તિરંગા સાથે બે છોકરીઓને ઉભી રાખતા આચારસંહિતાનો ભંગ થયો હોવાની ફરિયાદ નોંધાવવામાં આવી છે. આ મામલે જેનીબેન ઠુંમરે કહ્યું હતું કે, અમરેલીની દીકરીને દબાવવાનો પ્રયાસ છે.

# ધ્રોલ હાઈ-વે હોટલ પર ગાંજા સાથે બે શખ્સોને ઝડપી લેવાયા

જામનગર,તા.૧૯

જામનગર સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપ ટીમને ખાનગી બાતમી મળી હતી કે, બે શખ્સો માદક પદાર્થ ગાંજાના જથ્થા સાથે ધ્રોલ ભણી આવી રહયા છે. જે હાઈવે પર એક હોટલ પાસે ઉતરવાના છે જે બાતમીના આધારે પોલીસ ટીમે ધ્રોલ હાઈવે પર એક હોટલ પાસે વોચ ગોઠવી હતી જે દરમિયાન પોલીસે શાહનવાજ ઈબ્રાહિમભાઈ શાહમદાર (રે. રઝવી સોસાયટી, બાવાગોરની દરગાહ પાસે, ધ્રોલ) તથા જાવીદ હાજીભાઈ ચાવડા (રે.મોટા આશાપુરાના મંદિર પાસે, બચુ નગર, જામનગર)ને સકંજામાં લીધા હતા. જે બંનેની પોલીસે તલાશી લેતા તેના કબજામાંથી રૂ. ૨૦ હજારની કિંમતનો ૨ કિલો ગાંજો મળી આવ્યો હતો. આથી પોલીસે બંનેની અટક કરી ગાંજો અને મોબાઈલ સહિત રૂ. ૩૦,૭૦૦નો મુદામાલ કબજે કર્યો હતો.

# પરબડી ગામના ખેડૂતના રૂ. ૧ લાખ મહિલા તસ્કરોએ સેરવી લીધા

ધોરાજી,તા.૧૯

ધોરાજી તાલુકાના નાની પરબડી ગામના ખેડૂત દિનેશભાઈ ધોરાજી બેન્ક ઓફ બરોડાની શાખામાંથી પાક ધીરાણની ફેરબદલ માટે એક લાખ રૂપિયા ઉપાડીને થેલીમાં રાખી એન્ટ્રી પડાવવા માટે લાઈનમાં ઉભા હતા આ દરમિયાન તેમની પાછળ રહેલ બે મહિલાઓએ થેલીમાં કાપો મારી રૂપિયા સેરવી લીધા હતા. આ બાબતે ખેડૂતે ફરિયાદ નોંધાવતા પોલીસે આ બાબતે તપાસ કરતા આ ઘટનાને અંજામ આપનારી મધ્યપ્રદેશની મહિલા ગેંગને જૂનાગઢમાંથી ઝડપી પાડવામાં આવી હતી.

## -// સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ સાહેબ - ઉનાની કોર્ટમાં //-

નં. જન્મ-મરણ/કેસ/રજી.નં.૧૧૫/૨૦૨૪

**પ્રતિ**
મેવાડા રામસિંગભાઈ ખોડુભાઈ, ..........અરજદાર
રહે. ઘાંટવડ, ગામ-ઘાંટવડ, તાલુકો-કોડીનાર, જિલ્લો- ગીર સોમનાથ
વકીલશ્રી વકીલશ્રી જે.બી.રાઠોડ, મુ. વકીલ હાઉસ, ઓફિસ-૯,કોડીનાર તા. કોડીનાર

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી ગ્રામ પંચાયત કચેરી, ઘાંટવડ
તાલુકો-કોડીનાર, જિલ્લો -ગીર સોમનાથ ........સામાવાળા

### જાહેર નોટીસ

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના ઘાંટવડ ગામના રહીશ શ્રી મેવાડા રામસિંગભાઈ ખોડુભાઈના દાદીશ્રી રાજુબેન લાખાભાઈ મેવાડાનું મરણ તા. ૩૦/૧/૨૦૧૬ના રોજ કોડીનાર તાલુકાના ઘાંટવડ ગામ ખાતે થયેલ છે. જેની મરણની નોંધ કોડીનાર તાલુકાના ઘાંટવડ ગામના સને ૨૦૧૬ ના મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ મરણ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૩૦/૦૪/૨૦૨૪ના રોજ ૧૬:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૧/૦૪/૨૦૨૪ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહી**
**(સી.પી.હિરવાણીયા)**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ,**
**ઉના**

## -// સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ સાહેબ - ઉનાની કોર્ટમાં //-

નં. જન્મ-મરણ/કેસ/રજી.નં.૧૧૪/૨૦૨૪

**પ્રતિ**
મેવાડા રામસિંગભાઈ ખોડુભાઈ, ..........અરજદાર
રહે. ઘાંટવડ, ગામ-ઘાંટવડ, તાલુકો-કોડીનાર, જિલ્લો- ગીર સોમનાથ
વકીલશ્રી વકીલશ્રી જે.બી.રાઠોડ, મુ. વકીલ હાઉસ, ઓફિસ-૯,કોડીનાર તા. કોડીનાર

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી ગ્રામ પંચાયત કચેરી, ઘાંટવડ
તાલુકો-કોડીનાર, જિલ્લો -ગીર સોમનાથ ........સામાવાળા

### જાહેર નોટીસ

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના ઘાંટવડ ગામના રહીશ શ્રી મેવાડા રામસિંગભાઈ ખોડુભાઈના કાકાશ્રી ભગવાનભાઈ લાખાભાઈ મેવાડાનું મરણ તા. ૨૯/૦૭/૨૦૧૭ ના રોજ કોડીનાર તાલુકાના ઘાંટવડ ગામ ખાતે થયેલ છે. જેની મરણની નોંધ કોડીનાર તાલુકાના ઘાંટવડ ગામના સને ૨૦૧૭ ના મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ મરણ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૩૦/૦૪/૨૦૨૪ના રોજ ૧૬:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૧/૦૪/૨૦૨૪ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહી**
**(સી.પી.હિરવાણીયા)**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ,**
**ઉના**

## -// સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ સાહેબ - ઉનાની કોર્ટમાં //-

નં. જન્મ-મરણ/કેસ/રજી.નં.૧૧૭/૨૦૨૪

**પ્રતિ**
મેવાડા રામસિંગભાઈ ખોડુભાઈ, ..........અરજદાર
રહે. ઘાંટવડ, ગામ-ઘાંટવડ, તાલુકો-કોડીનાર, જિલ્લો- ગીર સોમનાથ
વકીલશ્રી વકીલશ્રી જે.બી.રાઠોડ, મુ. વકીલ હાઉસ, ઓફિસ-૯,કોડીનાર તા. કોડીનાર

**વિરૂધ્ધ**
રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી ગ્રામ પંચાયત કચેરી, ઘાંટવડ
તાલુકો-કોડીનાર, જિલ્લો -ગીર સોમનાથ ........સામાવાળા

### જાહેર નોટીસ

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના ઘાંટવડ ગામના રહીશ શ્રી મેવાડા રામસિંગભાઈ ખોડુભાઈના દાદાશ્રી લાખાભાઈ દેવાતભાઈ મેવાડાનું મરણ તા. ૩૧/૦૭/૨૦૧૮ ના રોજ કોડીનાર તાલુકાના ઘાંટવડ ગામ ખાતે થયેલ છે. જેની મરણની નોંધ કોડીનાર તાલુકાના ઘાંટવડ ગામના સને ૨૦૧૮ ના મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ મરણ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૩૦/૦૪/૨૦૨૪ના રોજ ૧૬:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૦૧/૦૪/૨૦૨૪ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**સહી**
**(સી.પી.હિરવાણીયા)**
**સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ,**
**ઉના**

## -// સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ, અમરેલીની કોર્ટમાં, અમરેલી //-

અપીલ રજી. નં.૫૯/૨૦૨૪

**અરજદાર :-** શ્રી જીતેન્દ્રભાઈ મથુરદાસ વસાણી
રહે. લોહાણા શેરી, બહારપરા પાસે તા.જિ.અમરેલી

**-: વિરૂધ્ધ :-**

**સામાવાળા :-** જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
-વ-
તલાટી -કમ-મંત્રીશ્રી,નગરપાલિકા કચેરી,
મુ. અમરેલી તા.જિ. અમરેલી

### -: જાહેર નોટીસ :-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના અમરેલી ગામના જીતેન્દ્રભાઈ મથુરદાસ વસાણી તેઓના દાદી કાશીબેન મીઠાભાઈ વસાણી મરણ તા.૧૬/૦૮/૧૯૯૬ ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૧૮/૦૪/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

(કોર્ટનો સિક્કો)

**સહી**
**સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ**
**અમરેલી**

ઈરાને જહાજને અટકાવ્યા બાદ ભારતીય વિદેશ મંત્રાલયના અધિકારીઓ ઈરાનના સંપર્કમાં હતા

# ઈરાને બંધક બનાવેલ જહાજમાંથી ભારતીય મહિલા સભ્ય સ્વદેશ પરત ફર્યા

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૧૯

ઈઝરાયલી જહાજ પર બંધક બનાવવામાં આવેલા ૧૭ ભારતીયોમાંથી એક મહિલા સભ્ય સ્વદેશ પરત આવી છે. બાકીના ૧૬ બંધકોની મુક્તિ માટે ભારત સરકાર ઈરાન સાથે સતત સંપર્કમાં છે. વિદેશ મંત્રી એસ જયશંકર, ક્રૂ મેમ્બર એવા ભારતીય બંધકોની મુક્તિને લઈને ઈરાનના વિદેશ મંત્રી સાથે સતત વાતચીત કરી રહ્યા છે.



ઈરાન અને ઈઝરાયલ વચ્ચે ચાલી રહેલા તણાવ વચ્ચે યુએઈના દરિયાઈ વિસ્તારમાં ઈઝરાયેલના જહાજને અટકાવી દીધું હતું. ઈરાને અટકાવેલ આ જહાજ એક કન્ટેનર જહાજ હતું, જેમાં કુલ ૨૫ ક્રૂ મેમ્બર છે. જેમાંથી ૧૭ ક્રૂ મેમ્બર ભારતીય છે. ઈરાને તે તમામને બંધક બનાવી લીધા હતા. સૌથી મહત્વની વાત એ છે કે આમ કરતી વખતે ઈરાને ઈઝરાયેલનું નામ લીધું હતું અને આ જહાજને યહૂદી શાસન સાથે જોડાયેલું ગણાવ્યું હતું. ભારતીય મહિલાની મુક્તિ પર વિદેશ મંત્રી એસ જયશંકરે કહ્યું કે દેશમાં હોય કે વિદેશમાં, મોદીની ગેરંટી પૂરી થાય છે. ઈરાને આ ઈઝરાયલી જહાજ યુએઈના દરિયાકાંઠેથી પસાર થઈ રહ્યું હતું ત્યારે તેને રોક્યું હતું.

# ભારત ચીનને ઘેરશે, પાડોશી દેશ ફિલિપાઈન્સને ‘બ્રહ્મોસ’ મિસાઈલ આપશે

બ્રહ્મોસ મિસાઈલ સબમરીન, જહાજ, વિમાન અથવા જમીન પરથી લોન્ચ કરી શકાય છે

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૧૯

ભારતને ઘેરવા માટે ચીન લાંબા સમયથી પાકિસ્તાનને હથિયારો આપીને લશ્કરી રીતે મજબૂત કરી રહ્યું છે. ઈંટનો જવાબ પથ્થરથી આપતા ભારતે પણ તેના પડોશી દેશોને ખતરનાક હથિયારોની સપ્લાય શરૂ કરી દીધી છે.




દક્ષિણ ચીન સાગરમાં ડ્રેગનના વર્ચસ્વનો સામનો કરી રહેલા ફિલિપાઈન્સને આવતીકાલે એટલે કે શુક્રવારે ભારત તરફથી બ્રહ્મોસ સુપરસોનિક ક્રૂઝ મિસાઈલોની પ્રથમ બેચ પ્રાપ્ત થશે. આવતીકાલે ભારતીય વાયુસેના દ્વારા તેની ડિલિવરી કરવામાં આવશે.

ચીનની કાર્યવાહીનો જવાબ આપવા માટે, ભારતે જાન્યુઆરી ૨૦૨૨માં બ્રહ્મોસ સુપરસોનિક ક્રૂઝ મિસાઈલના વેચાણ માટે ફિલિપાઈન્સ સાથે એક મોટા કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. આ સાથે ફિલિપાઈન્સ બ્રહ્મોસ મેળવનાર પ્રથમ વિદેશી દેશ બની ગયો છે.

રિપોર્ટ અનુસાર, બ્રહ્મોસ મિસાઈલની આ સમગ્ર ડીલ ૨૭૦૦ કરોડ રૂપિયાની છે. આ ડીલ હેઠળ ફિલિપાઈન્સને બ્રહ્મોસની ૩ મિસાઈલ બેટરી મળશે. તેને જે મિસાઈલ આપવામાં આવી રહી છે તેની સ્પીડ 2.8 Mach અને ૨૯૦ કિલોમીટરની રેન્જ છે.

ભારતીય નૌકાદળે ફેબ્રુઆરી ૨૦૨૩માં ફિલિપાઈન્સના ૨૧ નૌકાદળના જવાનોને આ મિસાઈલ ચલાવવા માટે તાલીમ પણ આપી છે.

# પશ્ચિમ બંગાળમાં મતદાન મથકના બાથરૂમમાં સીઆરપીએફ જવાનનું મોત

કોલકતા,તા.૧૯

પશ્ચિમ બંગાળના માથાભાંગામાં ચૂંટણી ફરજમાં રોકાયેલા એક સીઆરપીએફ જવાનનું મૃત્યુ થયું. મામલાની માહિતી મળતા જ પોલીસ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને તપાસ હાથ ધરી હતી. પોલીસે મૃતદેહને પોતાના કબજામાં લઈ પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો છે. પોલીસનું કહેવું છે કે સૈનિક બાથરૂમમાં પડી ગયો હતો, જેના કારણે તેને માથામાં ઈજા થઈ હતી, ત્યારબાદ તેને હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો, જ્યાં તેનું મોત થયું હતું.




મળતી માહિતી મુજબ આ ઘટના ગત રાત્રે બની હતી. માથાભાંગામાં એક મતદાન મથકના બાથરૂમમાં સીઆરપીએફનો એક જવાન બેભાન હાલતમાં મળી આવ્યો હતો. લોકોએ જોયું તો સૈનિકને તાત્કાલિક હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો, જ્યાં ડૉક્ટરોએ તેને મૃત જાહેર કર્યો. હોસ્પિટલના સૂત્રોનું કહેવું છે કે જવાનને માથામાં ઈજા થઈ હતી. પ્રાથમિક માહિતીમાં જાણવા મળ્યું છે કે જવાન બાથરૂમમાં પડી ગયો હતો.

# દિલ્હી પોલીસે ૧૫૦ કરોડના ડ્રગ્સ સાથે ૪ નાઈજીરિયન શખ્સોની ધરપકડ કરી

**ગ્રેટર નોઈડામાં કેટલાક વિદેશી નાગરિકો દ્વારા ગેરકાયદેસર ડ્રગ ફેક્ટરી ચલાવવામાં આવતી હતી**

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૧૯

ગ્રેટર નોઈડામાં એસડબ્લ્યુએટી ટીમ, પોલીસ સ્ટેશન ઈકોટેક વન અને પોલીસ સ્ટેશન દાદરીની સંયુક્ત ટીમને લોકસભા ચૂંટણી પહેલા મોટી સફળતા મળી છે. પોલીસે એક મકાનમાં વિદેશી નાગરિકો દ્વારા ચલાવવામાં આવતી ગેરકાયદેસર ડ્રગ્સ ફેક્ટરીનો પર્દાફાશ કર્યો હતો. પોલીસે



દરોડામાં ચાર નાઈજિરિયન નાગરિકોની ધરપકડ કરી છે. પોલીસે ઘરમાંથી ૨૬.૬૭૦ કિલોગ્રામ એમડીએમએ/મેથ ડ્રગ્સ જપ્ત કર્યુ હતુ જ્યારે રૂ. ૫૦ કરોડની કિંમતનો કાચો માલ મળી આવ્યો હતો. જેની અંદાજિત કિંમત ૧૫૦ કરોડ રૂપિયાની આસપાસ હોવાનું કહેવાય છે. પોલીસને સ્થાનિક બાતમીદારો પાસેથી માહિતી મળી હતી કે ગ્રેટર નોઈડામાં કેટલાક વિદેશી નાગરિકો દ્વારા ગેરકાયદેસર ડ્રગ ફેક્ટરી ચલાવવામાં આવી રહી છે. બાતમીદારની માહિતીના આધારે, પોલીસની સ્વાટ ટીમ, પોલીસ સ્ટેશન ઈકોટેક વન પોલીસ અને પોલીસ સ્ટેશન દાદરીએ નાઈજીરીયન મૂળના એક નાગરિકની ડ્રગ્સ સાથે ધરપકડ કરી હતી. પૂછપરછ દરમિયાન ધરપકડ કરાયેલા વિદેશી નાગરિકે પોલીસને જણાવ્યું કે તેના કેટલાક સહયોગીઓ ઓમિક્રોન ફોરેસ્ટ વિસ્તારમાં સ્થિત એક ઘરમાં ડ્રગ્સ ફેક્ટરી ચલાવી રહ્યા હતા. ૨૬ કિલોથી વધુ ડ્રગ્સ મળી આવ્યું હતું અને ધરપકડ કરાયેલા આરોપીઓના પગેરા પર પોલીસે સંયુક્ત કાર્યવાહી કરી હતી.

# ડૉ.મનસુખભાઈ માંડવીયાનો ગોંડલ પંથકમાં લોકસંપર્ક

અમરેલી,તા.૧૯

પોરબંદર લોકસભાની બેઠકના ઉમેદવાર ડૉ. મનસુખભાઈ માંડવીયા પોરબંદર લોકસભામાં આવતા ગ્રામ્ય વિસ્તારોનો પ્રવાસ ખેડી રહ્યાં છે. ગ્રામ્ય વિસ્તારોમાં લોકસભા ભાજપના ઉમેદવાર ડૉ.મનસુખભાઈ માંડવીયાને સ્વયંભુ આવકાર મળી રહ્યો છે. પ્રવાસના ભાગરૂપે ગોંડલ તાલુકાના લીલાખા ગામમાં ચૂંટણી પ્રચાર અંતર્ગત મનસુખભાઈની ઉપસ્થિતિમાં મતદાન થકી લોકશાહીને મજબૂત બનાવવાના શપથ લેવામાં આવ્યા તેમજ EVM મશીન અને ‘‘મતદાન શ્રેષ્ઠ દાન’’ના સૂત્રની રંગોળી કરી, અનોખી રીતે મતદાન માટેની જાગૃતતા ફેલાવવામાં આવી હતી.




મીડકેપ અને સ્મોલકેપ શેરોમાં આજે કડાકાનો માહોલ જળવાઈ રહ્યો

# શેરબજાર બાઉન્સબેક, સેન્સેક્સ ૬૦૦ પોઈન્ટનો વધારો

(એ.આર.એલ),મુંબઈ,તા.૧૯

સ્થાનીય શેરબજાર આજે ઘટાડા સાથે ખૂલ્યા બાદ બાઉન્સબેક થયા હતા. સેન્સેક્સમાં ૧૩૯૩.૭૧ પોઈન્ટની વોલેટિલિટીના અંતે ૭૩૦૦૦ની સપાટી પાછી મેળવી હતી. છેલ્લા ચાર ટ્રેડિંગ સેશનમાં ૨૫૪૯.૧૯ પોઈન્ટ તૂટ્યા બાદ સેન્સેક્સ આજે ઘટ્યા મથાળેથી ૭૨૧.૧૮ પોઈન્ટ અને ગઈકાલના બંધ સામે ૫૯૯.૩૪ પોઈન્ટ સુધરી ૭૩૦૮૮.૩૩ પર બંધ રહ્યો હતો.



નિફ્ટી ૫૦ પણ ૧૫૧.૧૫ પોઈન્ટ સુધરી ૨૨૧૪૭.૦૦ પર બંધ રહ્યો હતો. રોકાણકારોની મૂડી રિકવર થતાં માર્કેટ કેપ ૨૯૩.૪૯ લાખ કરોડ નોંધાઈ હતી. ઈઝરાયલના ઈરાન પર હુમલાના સમાચારના પગલે આજે સવારના ટ્રેડિંગ સેશનમાં સેન્સેક્સ ૬૭૦થી વધુ અને નિફ્ટી ૧૨૦ પોઈન્ટથી વધુ તૂટ્યો હતો.

ફાઈનાન્સ અને બેન્કેક્સ શેરોમાં લેવાલીના સથવારે માર્કેટ ટર્નઅરાઉન્ડ થયુ હતું. આવતીકાલે કંપની પરિણામ જાહેર કરનારી એચડીએફસી બેન્કનો નફો ૩૦ ટકાથી વધુ વધવાના આશાવાદ વચ્ચે શેરમાં વોલ્યૂમ વધ્યા હતા. શેર ૨.૬૦ ટકા સુધર્યો હતો.

# બિહારમાં ટ્રેક્ટર પલટી જતા ૩ લોકોના મોત અને ૧૨ ઘાયલ

(એ.આર.એલ),આરા,તા.૧૯

બિહારના ભોજપુર જિલ્લામાં ગુરુવારે મોડી રાત્રે ટ્રેક્ટર પલટી જતાં ત્રણ લોકો ઘાયલ થયા છે. આ અકસ્માતમાં ૧૨ લોકો ઘાયલ પણ થયા છે. અકસ્માત અંગે પ્રાપ્ત માહિતી અનુસાર, તિલક સમારોહમાંથી પરત ફરતી વખતે આ અકસ્માત થયો હતો. તમામ ઘાયલોને આરા સદર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ઘટના અંગે જણાવવામાં આવ્યું છે કે તમામ લોકો વિનોદ આગીગાંવ બજાર પોલીસ સ્ટેશન વિસ્તારના તિવારીડીહ ગામની મુસાહરની પુત્રી ફુલા કુમારીના તિલક કાર્યક્રમ માટે



મકુંદપુર ગામ ગયો હતો. રાત્રે ૨ વાગ્યાની આસપાસ ટ્રેક્ટર ટ્રોલીમાં લગભગ ૨૦-૨૫ લોકો પરત ફરી રહ્યા હતા, જેમાં ઘણા બાળકો પણ હતા. દરમિયાન, ટ્રેક્ટર કાબુ બહાર જતાં મકુંદપુર પાસે ખાડામાં પલટી જતાં ત્રણ લોકોનાં ઘટનાસ્થળે જ મોત થયાં હતાં. મૃતકોમાં બે યુવતીના પરિવારના સભ્યો હતા જેઓ લગ્ન કરવાના હતા.

જેલનો વિષય આમ આદમી પાર્ટીની સરકારનો છે છતાં

# તિહાર જેલમાં કેજરીવાલને ઈન્સ્યુલીન ન મળવાનો આરોપ, એલજીએ ૨૪ કલાકમાં રિપોર્ટ માંગ્યો

નવીદિલ્હી,તા.૧૯

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ તિહાર જેલમાં છે. આ દરમિયાન આમ આદમી પાર્ટી (આપ)ના નેતા આતિશીએ મોટો આરોપ લગાવ્યો હતો અને કહ્યું હતું કે તિહાર જેલ અરવિંદ કેજરીવાલને ઈન્સ્યુલિન આપી રહી નથી. જેલમાં તેનો જીવ લેવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. આ આરોપ બાદ દિલ્હીના એલજી(લેફ્ટનન્ટ ગવર્નર) એ આ મામલે કાર્યવાહી કરી અને ડીજી જેલ પાસેથી ૨૪ કલાકમાં



વિગતવાર રિપોર્ટ માંગ્યો. તેમણે આ નિવેદનો પર આધારિત અહેવાલો પર ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી.

મળતી માહિતી મુજબ, દિલ્હીના એલજી વિનય કુમાર સક્સેનાએ જેલમાં સીએમ અરવિંદ કેજરીવાલને ઈન્સ્યુલિન ન આપવાના આરોપો પર ડીજી જેલ પાસેથી ૨૪ કલાકની અંદર વિગતવાર રિપોર્ટ માંગ્યો છે. એલજીએ આપ નેતાઓ દ્વારા કરવામાં આવેલા આરોપો પર ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી કે જેલમાં બંધ સીએમ કેજરીવાલને ઈન્સ્યુલિન લેવાની મંજૂરી આપવામાં આવી રહી નથી. જો કે જેલનો વિષય સંપૂર્ણપણે આમ આદમી પાર્ટીની સરકાર હેઠળ આવે છે, એલજીએ ખાતરી આપી છે કે મુખ્યમંત્રીના સ્વાસ્થ્યને લઈને કોઈપણ પ્રકારની ઢીલ સહન કરવામાં આવશે નહીં.

# સ્કોટલેન્ડમાં ટ્રેકિંગ દરમિયાન નદીમાં ડૂબી જતાં બે ભારતીય વિદ્યાર્થીના મોત



(એ.આર.એલ),ટુમેલ,તા.૧૯

સ્કોટલેન્ડથી બે ભારતીય વિદ્યાર્થીઓનાં મોતના અહેવાલ આવતા ખળભળાટ મચી ગયો છે. આ બંનેએ ડૂબી જવાથી જીવ ગુમાવ્યો હોવાનો ખુલાસો થયો છે. માહિતી અનુસાર ચાર મિત્રો ધોધ માટે પ્રસિદ્ધ એવા લિન ઓફ ટુમેલ ટૂરિસ્ટ સ્પોટ ખાતે ટ્રેકિંગ માટે ગયા હતા. જ્યાં તેઓ દુર્ઘટનાનો શિકાર થયા હતા. એક મૃતક ૨૨ વર્ષનો અને બીજો ૨૭ વર્ષનો હોવાની જાણકારી છે. ટ્રેકિંગ દરમિયાન બંનેએ અચાનક બેલેન્સ ગુમાવ્યું અને પાણીમાં પડી ગયા હતા. તેમના મૃતદેહો પણ મળી આવ્યા છે. આ અકસ્માત રાત્રે થયો હતો.

# ઈઝરાયલનો ઈરાનને વળતો જવાબ, ઈસ્ફહાનમાં આવેલા ન્યુક્લિયર પ્લાન્ટ પર હુમલો કર્યો

(એ.આર.એલ),વોશિંગ્ટન,તા.૧૯

અમેરિકન મીડિયાના દાવા અનુસાર ઈઝરાયેલે ઈરાન સામે બદલો લીધો છે અને તેના પર મોટો હુમલો કર્યો છે. અમેરિકન મીડિયાના દાવા અનુસાર ઈરાનના ઈસ્ફહાન એરપોર્ટ નજીક વિસ્ફોટના અવાજ સંભળાયા છે. ૧૪ એપ્રિલના હુમલા બાદ ઈઝરાયેલે ઈરાન સામે જવાબી કાર્યવાહી કરી છે. ૧ એપ્રિલથી બંને દેશો વચ્ચે તણાવ શરૂ થયો હતો. ઈઝરાયેલે સીરિયાની રાજધાની દમાસ્કસમાં ઈરાનના દૂતાવાસ પર હુમલો કર્યો



હતો આ પછી ૧૪ એપ્રિલે ઈરાને ઈઝરાયલ સામે જવાબી કાર્યવાહી કરી હતી અને હવે ઈઝરાયેલે તે હુમલાનો જવાબ આપ્યો છે. કેટલાક વીડિયોમાં જોવામાં આવ્યું છે કે તેની એર ડિફેન્સ સિસ્ટમ ઈરાનના શહેરમાં કામ કરી રહી છે. પ્રારંભિક અહેવાલો અનુસાર, આ ઈઝરાયેલ હુમલો ઈસ્ફહાનમાં થયો હતો, તે જ શહેર જ્યાં ઈરાનનો પરમાણુ પ્લાન્ટ સ્થિત છે. હુમલા બાદ ઈરાને તેના એરસ્પેસમાં તમામ ફ્લાઈટ્સ પર

**ઈઝરાયેલની યુદ્ધ કેબિનેટમાં હુમલા અંગે સંપૂર્ણ સહમતી ન હતી**

પ્રતિબંધ લગાવી દીધો છે. જે બાદ વિસ્તારમાં ભયનો માહોલ સર્જાયો છે. અત્યાર સુધીમાં ઈરાનના ૯ સ્થળોને નિશાન બનાવવાના સમાચાર છે. ઈરાનની સાથે ઈઝરાયેલે ઈરાક અને સીરિયામાં ઈરાન સમર્થિત સૈન્ય મથકો પણ બનાવ્યા છે. હુમલા બાદ ઈરાને તેના અધિકારીઓની ઈમરજન્સી બેઠક બોલાવી છે.

# પાક.માં ચીની પછી હવે જાપાનીઓ પર હુમલો, ડ્રાઈવર અને સુરક્ષા ગાર્ડનું મોત

કરાચી,તા.૧૯

પાકિસ્તાનના કરાચી શહેરમાં વિદેશી નાગરિકો પર હુમલો કરવામાં આવ્યો હતો. વિદેશી નાગરિકોના વાહન પર આત્મઘાતી હુમલો કરવામાં આવ્યો છે. આ વાહનમાં પાંચ જાપાની નાગરિકો સહિત કુલ સાત લોકો સવાર હતા. આ હુમલો કરાચીના માનસેહરા કોલોનીમાં થયો હતો. પાંચેય જાપાની નાગરિકો આ હુમલામાંથી બચી ગયા હતા. પરંતુ વાહનના ડ્રાઈવર અને સુરક્ષા ગાર્ડનું મોત થયું છે. આ હુમલા બાદ પોલીસની જવાબી કાર્યવાહીમાં બે આતંકવાદીઓ માર્યા ગયા હતા. પોલીસનું કહેવું છે



કે આ હુમલો જાપાની નાગરિકોને નિશાન બનાવીને કરવામાં આવ્યો હતો. પરંતુ આ હુમલામાં વિદેશી નાગરિકોને કોઈ ઈજા થઈ નથી. તેને તાત્કાલિક સલામત સ્થળે લઈ જવામાં આવ્યો હતો. એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ આત્મઘાતી હુમલાની પુષ્ટિ કરી છે.

**આ ફિલ્મમાં છેલ્લા કેટલાક સમયથી ઘણા બધા ફેરફાર કરવામાં આવ્યા છે**

# સુજોય ઘોષની ફિલ્મમાં શાહરુખ-સુહાના પહેલીવાર સાથે કામ કરશે

(એ.આર.એલ),મુંબઈ,તા.૧૯

વર્ષ ૨૦૨૩ શાહરૂખ ખાન માટે ખૂબ જ સારું રહ્યું. એક વર્ષમાં શાહરુખ ખાનની ત્રણ દમદાર ફિલ્મો આવી જેણે બોક્સ ઓફિસ પર જબરદસ્ત કમાણી કરી. હવે શાહરુખ ખાને તેની આગામી ફિલ્મ ધ કિંગ પણ ફાઈનલ કરી લીધી છે. આ ફિલ્મ એક એક્શન ડ્રામા ફિલ્મ હશે જેનું નિર્દેશન સુજોય ઘોષ કરશે. જોકે ખાસ



વાત એ છે કે આ ફિલ્મમાં પહેલી વખત શાહરુખ ખાન સાથે તેની દીકરી સુહાના ખાન જોવા મળશે અને તે સિલ્વર સ્ક્રીન પર ડેબ્યૂ કરશે. સુહાના ખાન આ પહેલા જોયા અખ્તરની ફિલ્મ આર્ચિઝ કરી ચૂકી છે પરંતુ સિલ્વર સ્ક્રીન પર આ તેની પહેલી ફિલ્મ હશે. આ ફિલ્મનું કન્ફર્મેશન આવ્યા પછી ચાહકો સુહાના ખાન અને શાહરુખ ખાનને એક સાથે જોવા માટે આતુર થયા છે. સાથે જ આ ફિલ્મ વિશે પણ વધુને વધુ જાણવા માટે લોકો તલપાપડ છે. ફિલ્મને લઈને પણ અલગ અલગ ચર્ચાઓ ચાલી રહી છે. જેમાં એક ચર્ચા એવી પણ છે કે ધ કિંગ ફિલ્મમાં શાહરુખ ખાન કેમીયો રોલ કરશે અને સુહાના મુખ્ય ભૂમિકામાં હશે.

# આઈપીએલની મેચમાં ચેન્નાઈએ લખનઉને જીતવા માટે ૧૭૭ રનનો લક્ષ્યાંક આપ્યો

લખનૌ, તા.૧૯

ઈન્ડિયન પ્રીમિયર લીગ ૨૦૨૪ની ૩૪મી મેચમાં લખનઉ સુપર જાયન્ટ્સ અને ચેન્નાઈ સુપર કિંગ્સ વચ્ચે મેચ લખનઉના અટલ બિહારી વાજપેયી ક્રિકેટ સ્ટેડિયમ (એકાના)માં રમાઈ રહી છે. જેમાં લખનઉએ ટૉસ જીતીને પહેલા બોલિંગ લીધી હતી. ચેન્નાઈ તરફથી



રવીન્દ્ર જાડેજાએ સર્વાધિક અણનમ ૫૭ રન બનાવ્યા હતા જ્યારે મોઈન અલીએ ૩૦ રન બનાવ્યા હતા. સમીર રિઝવી માત્ર ૧ રન બનાવીને આઉટ થયો હતો. અજિંક્ય રહાણે ૩૬ રને આઉટ થયો હતો. આ પહેલાં, શિવમ દુબે ૩ રને, કેપ્ટન ઋતુરાજ ગાયકવાડ ૧૭ રને જ્યારે રચિન રવીન્દ્ર ૦ રને આઉટ થયો હતો. કૃણાલ પંડયાને ૨, મોહસીન ખાનને ૧, માર્ક સ્ટોઈનીસને ૧, રવિ બિશ્નોઈને અને યશ ઠાકુરને ૧-૧ વિકેટ મળી હતી.


**ચૂંટણી નજીક આવી રહી છે તેમ નેતાઓ ભાન ભુલી રહ્યાં છે!!!**

# પ્રતાપ દુધાતના નિવેદનના અમરેલી જિલ્લા ભાજપમાં ઘેરા પ્રત્યાઘાત

## પરશોતમ રૂપાલાને દુ:શાસન સાથે સરખાવતા જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપ દુધાત

અમરેલી,તા.૧૯

રાજયમાં જેમ-જેમ મતદાનની તારીખ નજીક આવી છે તેમ-તેમ રાજકિય માહોલ જામતો જાય છે. આ રાજકિય માહોલમાં કોંગ્રેસના નેતાઓ જાણે ભાન ભુલી રહ્યાં હોય તેમ જાહેરમાં ભડકાઉ નિવેદન આપતા હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. આજે રાજકોટ લોકસભાની બેઠકના કોંગ્રેસ ઉમેદવાર પરેશ ધાનાણીએ આજે ઉમેદવારી પત્ર ભરવા જતા તેમની સાથે અમરેલી જિલ્લા કોંગ્રેસના પ્રમુખ પ્રતાપ દુધાત પણ જોડાયા હતા. રાજકોટ ખાતે પ્રતાપ દુધાતે જનસભાને સંબોધી હતી જયાં તેમણે રાજકોટ લોકસભાના ભાજપ ઉમેદવાર પરશોતમ રૂપાલાને દુ:શાસન તરીકે સંબોધન કરતા









રાજકોટના પડઘા અમરેલી જિલ્લા ભાજપમાં પડયા છે. લોકસભાની ચૂંટણીને લઈને કોંગ્રેસના નેતાઓના વાણી વિલાસ અને અશોભનીય ટિપ્પણીઓથી અમરેલી જિલ્લામાં કોંગી નેતાઓ પ્રત્યે રોષનું વાતાવરણ જોવા મળી રહ્યું છે ત્યારે આજે રાજકોટ ખાતે કોંગ્રેસના નેતા અને અમરેલી જિલ્લા કોંગ્રેસના પ્રમુખ પ્રતાપ દુધાતે લોકસભાની ચૂંટણીના રાજકારણમાં મહાભારતને ટાંકીને જે રીતે અમરેલી જિલ્લાનું ગૌરવ ગણાતા ખેડૂતોના હામી એવા વડીલ પુરુષોત્તમભાઈ રૂપાલાને દુ:શાસન સાથે સરખાવવાના હિન કૃત્યના ઘેરા પડઘા લોકસભાની ચૂંટણીમાં પડશે તેમાં કોઈ બેમત નથી તેવું વિધાનસભાના નાયબ દંડક કૌશિક વેકરીયા અને મહેશ કસવાળાએ ભારે રોષ સાથે જણાવ્યું હતું. જ્યારે હજુ યુવાવસ્થામાં કોંગ્રેસના નેતાઓએ એમના પિતાની ઉંમરના ભાજપના નેતા સામે જે રીતની ટીપ્પણીઓ કરી તે નિંદનીય છે તેને સખત શબ્દોમાં કૌશિક વેકરીયા અને મહેશ કસવાળાએ વખોડી હતી. જ્યારે અગાઉ પણ કોંગ્રેસના વીરજી ઠુમ્મર પ્રધાનમંત્રી સામે અશોભનીય ટિપ્પણીઓ કરીને પોતાની માનસિકતાનું ભાન ભૂલ્યા હતા જેની શાહી સુકાઈ નથી ત્યાં ભાજપના વરિષ્ઠ અને મોભી ગણાતા પરશોતમભાઈ રૂપાલા સામેની ટિપ્પણી સામે ગુજરાતભરમાં ઘેરા પ્રત્યાઘાતો પડશે તેમાં કોઈ બેમત નથી. કોંગ્રેસના નેતાઓ લોકસભાની ચૂંટણીમાં હાર ભાળી ગયા હોવાથી વાણી વિલાસ કરીને ગાંધીના ગુજરાતની ગરીમા જાળવતા નથી, તેમજ દરેક ચૂંટણીઓ વખતે જ્ઞાતિઓમાં વર્ગ વિગ્રહ ઊભો કરીને ગુજરાત રાજ્યની શાંતિ ડહોળવાનો જવાબ લોકસભાની ચૂંટણીમાં જનતા જનાર્દન આપશે તેવું કૌશિક વેકરીયા, મહેશ કસવાળા અને લોકસભા સંયોજક પુનાભાઈ ગજેરાએ જણાવ્યું છે.

# ભાવનગરના તળાજા પાસે ચેકડેમમાં ડૂબી જતા બે સગા ભાઈઓના મોત

ભાવનગર,તા.૧૯

તળાજાના ઊંચડી ગામ નજીક આવેલ નાવલી નદીના ચેકડેમમાં મિત્રો સાથે ન્હાવા ગયેલ બાળ વયના બે સગા ભાઈઓ ડૂબી જતા અકસ્માતે મોત નિપજતા ઊંચડી ગામમાં ઘેરા શોકનું વાતાવરણ સર્જાયુ છે. ઊંચડી ગામના અશોકભાઈ મોહનભાઈ ભેડાના બે દીકરા દર્શન અને દક્ષ આજે બપોરના સમયે મિત્રો સાથે નાવલી નદીના ચેકડેમમાં ન્હાવા





ગયેલ દરમિયાન આ બંને સગા ભાઈઓ ડૂબવા લાગતા તેની સાથે ન્હાવા ગયેલ મિત્રો હતપ્રભ બની ગયા હતા, ગામલોકો દોડી આવ્યા હતા, પરંતુ એ બંનેને બચાવી શકાયા ન હતા. બંને ભાઈઓ પૈકી દર્શન ધોરણ ૮ માં અભ્યાસ કરતો હોવાનું અને નાનો દક્ષ ધોરણ ૬ માં અભ્યાસ કરતો હોવાનું પરિવારના લોકોએ જણાવેલ છે. બંને કમનસીબ ભાઈઓના મૃતદેહને તળાજા સરકારી હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ માટે ખસેડીને પોલીસે અકસ્માતે મોતનો ગુનો દાખલ કર્યો છે.

# ગુજરાતમાં પવનોએ દિશા બદલતા ગરમીમાં રાહત મળવાની સંભાવના

અમદાવાદ,તા.૧૯

આગામી ચાર દિવસ ગુજરાતવાસીઓને ગરમીથી રાહત મળવાની હવામાન વિભાગે આગાહી કરી છે. ગુજરાત પર આવતા પવનો પશ્ચિમ દિશા તરફથી ફૂંકાઈ રહ્યા છે, તેને કારણે મહત્તમ તાપમાનમાં ઘટાડો નોંધાશે. ગઈકાલથી જ મહત્તમ તાપમાનમાં ઘટાડો થવાની શરૂઆત થઈ ચૂકી છે, જ્યારે આજે રાજ્યના મોટા ભાગના જિલ્લાનું મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રીની આસપાસ નોંધાવાની સંભાવના દર્શાવી હતી. આ ઉપરાંત આગામી સાત દિવસ રાજ્યનું વાતાવરણ શુષ્ક રહેશે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન ગીર સોમનાથમાં હીટવેવની અસર વર્તાઈ હતી, જ્યારે આગામી ચાર દિવસ માટે હવામાન વિભાગ દ્વારા કોઈ હીટવેવની આગાહી આપવામાં આવી નથી. ગઈકાલે અમદાવાદ શહેરનું મહત્તમ તાપમાન ૪૧.૨ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

# અમદાવાદમાં રેલવે યાર્ડની દિવાલ ધસી પડતા પાંચ દટાયા, બેના મોત

અમદાવાદ,તા.૧૯

અમદાવાદના અસારવા વિસ્તારમાં દાદા હરિની વાવ પાસે આવેલી રેલવે યાર્ડની દીવાલ ધસી પડી હતી. દીવાલ ધસી પડતાં બાજુમાં રહેતાં કુલ પાંચ લોકો દટાયા હતા. જેમાં ૨ લોકોના ઘટનાસ્થળે જ મોત થયાં છે. જ્યારે ત્રણ લોકોને ઈજા થતાં સારવાર માટે ૧૦૮ મારફતે સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. ઘટનાની જાણ થતાં ફાયરબ્રિગેડની ટીમ ત્યાં પહોંચી હતી. જોકે ફાયરની ટીમ પહોંચે તે પહેલાં સ્થાનિક લોકોએ તમામ લોકોને બહાર કાઢી લીધા હતા. જેમાં બે વ્યક્તિઓ ઘટનાસ્થળે જ મૃત્યુ પામેલા હતા. જ્યારે અન્ય ત્રણ લોકો બેભાન હાલતમાં હોવાથી તેમને તાત્કાલિક સારવાર અર્થે ૧૦૮ એમ્બ્યુલન્સમાં સિવિલ હોસ્પિટલ મોકલી આપવામાં આવ્યા હતા. સૂત્રોના જણાવ્યા મુજબ અસારવા દાદા હરિની વાવ પાસે રેલવે યાર્ડની દીવાલ ધરાશાયી થઈ હતી. આ દીવાલ વર્ષો જૂની હતી, જ્યાં ફૂટપાથ ઉપર મૃતક સિદીક પઠાણ પોતાનું ગેરેજ ચલાવતો હતો.

# વડોદરામાં હિટ એન્ડ રન કેસ : એકનું મોત, બે ઘાયલ

વડોદરા,તા.૧૯

વડોદરાના અકોટા દાંડિયાબજાર બ્રિજ પર મોડીરાત્રે હિટ એન્ડ રનની ઘટના સામે આવી છે. જેમાં નશાની હાલતમાં ધૂત નબીરાએ ૨ એક્ટિવાને અડફેટે લેતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. તેમજ બ્રિજની સાઈડમાં બેઠેલાં યુવક અને યુવતીઓને અડફેટે લીધી હતી. જેમાં MBAનો અભ્યાસ કરતા યુવકનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું, જ્યારે અન્ય બે યુવતીને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. ઘટનાને પગલે લોકોનાં ટોળેટોળાં ઊમટી પડ્યા હતા. આ અકસ્માતે અમદાવાદમાં ઈસ્કોન બ્રિજ પર થયેલા તથ્યકાંડની યાદ તાજી કરાવી હતી. તથ્યને બચાવવા તેનાં પરિવારજનો દોડી આવ્યાં હતાં તેમ આ ઘટનામાં પણ કારચાલક નબીરાને બચાવવા



તેનાં પરિવારજનો દોડી આવ્યાં હતાં. મૃતક યુવક અને ઈજાગ્રસ્ત યુવતી બન્ને પારૂલ યુનિવર્સિટીમાં MBAનો અભ્યાસ કરતા હોવાનું જાણવા મળ્યું છે. આ અંગે એસીપી એ.વી. કાટકડે જણાવ્યું હતું કે, ગત રાત્રે અકોટા દાંડિયા બજાર બ્રિજ પર સર્જાયેલ અકસ્માત અંગે ગુનો દાખલ કરવામાં આવ્યો છે. આ ઈસમ સામે આઈપીસી કલમ ૩૦૪ મુજબ ગુનો નોંધવામાં આવ્યો છે. આ આરોપીની ગાડીમાંથી નશાકારક પ્રવાહી ભરેલ બોટલ મળી આવી હતી.

# ગીર સોમનાથમાં લગ્ન પ્રસંગે ૨૦૦ લોકોને ફૂડપોઈઝનિંગ

(એ.આર.એલ), ગીરસોમનાથ,તા.૧૯

ગીર સોમનાથમાં લગ્ન પ્રસંગમાં ફૂડપોઈઝનિંગ થવાનો કિસ્સો સામે આવ્યો છે. આ બનાવમાં લગ્ન પ્રસંગમાં ફૂડપોઈઝનિંગના કારણે ૨૦૦થી વધુ લોકોને અસર થઈ છે. લગ્ન પ્રસંગમાં હાજર મહેમાનોની તબિયત બગડતા તમામને હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. ૨૦૦થી વધુ લોકો ફૂડપોઈઝનિંગનો શિકાર થતા પોલીસે આ બનાવની નોંધ લીધી છે.

ગીર સોમનાથમાં વેરાવળના માથાસુળિયા ગામે એક લગ્ન પ્રસંગ યોજવામાં આવ્યો હતો. આ લગ્ન પ્રસંગમાં અચાનક એક પછી એક લોકોને ઝાડા-ઉલટીની ફરિયાદ થવા લાગી. આમ, પ્રસંગમાં હાજર મોટાભાગના ૨૦૦ જેટલા મહેમાનોની



તબિયત લથડી હોવાનું સામે આવ્યું. કહેવાય છે કે જમણવારમાં ખોરાકમાં ઝેરી અસરના કારણે મહેમાનોની તબિયત અચાનક બગડવા લાગી. વધુ લોકોની તબિયત બગડતા આખરે તમામને હોસ્પિટલ લઈ જવામાં આવ્યા. રાજ્યમાં અત્યારે ગરમીનો માહોલ ચાલી રહ્યો છે ત્યારે લગ્ન પ્રસંગોમાં આપવામાં આવતા જ્યુસ, કેરીનો રસ અથવા કોઈ ખાદ્ય પદાર્થ જલદી ખરાબ થઈ જાય છે. ગરમીમાં ઉપયોગમાં લેવાતા ઠંડા પીણાંમાં પણ કેટલીક વખત ઝેરી અસર જોવા મળે છે.

















